Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વ. માનસંગજી બારડ સ્મારક ટ્રસ્ટ-સંચાલિત

વર્ષ ૩૧ મું
અંક ૭ મો
સં. ૨૦૪૮
સન ૧૯૯૨
એપ્રિલ

તંત્રી-મંડળ :
પ્રો. કે. કા. શાસ્ત્રી
ડૉ. ના. કે. ભટ્ટી
ડૉ. સૌ. ભારતીબહેન શેલત

# પથિક

[ ઇતિહાસ-પુરાતત્ત્વનું એક માત્ર ગુજરાતી માસિક ]

આદ્ય તંત્રી : સ્વ. માનસંગજી બારડ

## ક્ષાત્રશક્તિ

"કાલ ભગવાનનું સમયચક્ર અવિરતપણે ફર્યા જ કરે છે. સમયચક્રના આ ભ્રમણમાં કોઈ નીચે આવે છે તો કોઈ ઉપર જાય છે. સદૈવ કોઈની એક જ સ્થિતિ રહેતી નથી તેથી જ જગતને અને જીવનને પરિવર્તનશીલ કહ્યાં છે."

જગતની નિયામક શક્તિ એટલે ઇશ્વિર અને એ ઈશ્વરી શક્તિ જ આ પ્રાકૃતિક જગતને નિયંત્રિત કરે છે.

એવી જ રીતે માનવ-જગતમાં અને માનવ-વ્યવહારમાં ક્ષાત્રશક્તિ વ્યક્તિના સમષ્ટિ સાથેના સંબંધોની વ્યવસ્થા જાળવે છે, અંકુશ રાખે છે અને નિયામક બને છે. ક્ષાત્રશક્તિમાં દુર્બળતા આવે કે વિકૃાત જન્મે ત્યારે સમાજમાં અવ્યવસ્થા ઊભી થાય, ઘર્ષણો વધે અને અંધકાર છવાય.

ક્ષાત્ર-ગુણ એ માત્ર બાહ્ય ગુણ કે સ્થૂળ શક્તિ નથી, પરંતુ ધર્મ અને સંસ્કારે બાધેલ માનવ જીવનના આદર્શ સિદ્ધાંતોનું પ્રત્યક્ષ નિરૂપણ છે.

ક્ષાત્રત્વ એટલે માનવ-જીવનનું વિકસિત ઉચ્ચતર સ્વરૂપ.

અર્વાચીન અને પ્રાચીન સંસ્કૃતિ ગુણોના વિકાસમાં, ગુણોની વૃદ્ધિમાં અને ગુણોને સંરક્ષિત રાખી એની ઉપાસના કરવામાં માને છે.

ઇતિહાસે આ બાધિત સત્ય તરીકે પુરવાર કરેલો આ અભિગમ છે. એને એના યોગ્ય ઢાંચામાં અને યોગ્ય રીતે જાગ્રત કરવા-વિકસાવવા સાથે રહી, આવો, વિચારીએ અને મંગળ પ્રસ્થાન કરવા પ્રયત્ન કરીએ. અસ્તુ.

(શ્રી.) સજ્જનસિંહજી ગોહિલ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ લેખ રોમન લિપિમાં અંગ્રેજી ભાષામાં લખાયેલો છે. 21 પંક્તિઓ ધરાવતો આ લેખ કૅપિટલ અક્ષરોમાં લખાયો છે, જેનો પાઠ નીચે મુજબ છે :

IN MEMORY OF
RICHARD PROCTOR SIMS
M. I. C. E.
STATE ENGINEER
AND
PUBLIC WORKS COUNCILLOR
DIED OF CHOLERA
WHILE ON
FAMINE DUTY
ON 31ST MAY 1900
AGED 60 YEARS
ERECTED BY
THE
BHAVANAGAR DARBAR
IN APPRECIATION
OF
HIS LONG
AND
MERITORIOUS SERVICES
OF
25 YEARS

આ લેખનો ભાવાર્થ એ છે કે ભાવનગર રાજ્યના ઈજનેર અને જાહેરકામોના સલાહકાર રિચર્ડ પ્રોક્ટર સિમ્સ જ્યારે દુકાળની કામગીરીમાં રોકાયેલા હતા ત્યારે કૉલેરાને કારણે 60 વર્ષની ઉંમરે તા. 31 મી મે, 1900 ના રોજ મૃત્યુ પામ્યા. એમની 25 વર્ષની દીર્ઘ અને ઉમદા સેવાની પ્રશંસા માટે એમની સ્મૃતિમાં આ કબર ભાવનગર દરબાર દ્વારા બાંધવામાં આવી છે.

લેખમાં સૌથી મોટા અક્ષરો $4 \times 1\frac{1}{2}$ સે. મી. કદના અને સૌથી નાના અક્ષરો $1\frac{1}{2} \times 1$ સે. મી. કદના છે. સૌથી મોટા અક્ષરો પંક્તિ નં. 2, 9 અને 14 માં વપરાયા છે. આ ત્રણ પંક્તિઓમાંનું લખાણ લેખમાં મહત્ત્વનું છે. આ ત્રણે પંક્તિઓમાં અનુક્રમે રિચર્ડ પ્રોક્ટર સિમ્સનો, દુકાળની કામગીરીનો અને ભાવનગર દરબારનો ઉલ્લેખ છે. સિમ્સે ભાવનગર દરબાર વતી દુકાળની કામગીરી સંભાળી હતી. સિમ્સના જીવનનું આ મહત્ત્વનું કાર્ય હતું. આ હકીકતને અગત્ય આપવા માટે જ આ અક્ષરોનું કદ મોટું રાખવામાં આવ્યું હોય એમ જણાય છે. સૌથી નાના કદના અક્ષરો પંક્તિ નં. 1, 13, 16, 18 અને 20 માં વપરાયા છે. પંક્તિ નં. 2 માં સિમ્સની ઈજનેરની ડિગ્રી દર્શાવી છે. પંક્તિ નં. 5 નો શબ્દ AND ખંડિત છે. પંક્તિ નં. 14 અને 15 ની વચ્ચે લેખના ફલકની તિરાડ જોવા મળે છે એ પરથી કહી શકાય કે આ લેખ પથ્થરના બે ટુકડાઓમાં લખેલો છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# રિચર્ડ પ્રોક્ટર સિમ્સની કબર અને એની પરનો લેખ

—ડૉ. થોમસ પરમાર

રિચર્ડ પ્રોક્ટર સિમ્સ ભાવનગર રાજ્યના મુખ્ય ઈજનેર અને જાહેર કામોના સલાહકાર હતા. સિમ્સે ભાવનગરમાં ઈ.સ. ૧૮૭૬ થી ૧૯૦૦ સુધી એટલે કે ૨૫ વર્ષ સુધી સેવાઓ આપી હતી. છપ્પનિયા દુકાળ વખતે સિમ્સે ભાવનગર રાજ્ય વતી વિશિષ્ટ પ્રકારની જવાબદારી સંભાળી હતી એ વખતે ભાવનગર રાજ્યની ગાદીએ ભાવસિંહજી બીજા હતા. અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના વિક્ટર બંદરનું બાંધકામ સિમ્સની અધ્યક્ષતા નીચે થયું હતું. દુકાળના વર્ષે જ સિમ્સનું અવસાન થયું હતું. ભાવનગર રાજ્યે સિમ્સની સેવાઓની કદર કરીને વિક્ટર બંદરની અડોઅડ આવેલા વિક્ટર ગામમાં એમની કબર અને એ પરનો મૃત્યુલેખ કરાવ્યો હતો.

વિક્ટર ગામની પશ્ચિમે રિચર્ડ પ્રોક્ટર સિમ્સની કબર આવેલી છે.[1] કબરને ફરતી 7.32 × 5,50 મીટર માપની રેતિયા પથ્થરની લગભગ 30 સે.મી. ઊંચી રેલિંગ કરેલી છે, જેમાં દક્ષિણ બાજુએ પ્રવેશ માટે 91 સે.મીનો ભાગ ખાલી રાખેલો છે. રેલિંગના ચારે ખૂણે ચાર અને પ્રવેશની બંને બાજુએ બે થઈને કુલ છ નાના સ્તંભો ઊભા કરેલા છે. આ દરેક સ્તંભ 61 સે.મી. ઊંચો છે. રેલિંગની ઉપર ઝૂલ–આકારે લટકતી લોખંડની કલાત્મક સાંકળો અને પ્રવેશ આગળ લોખંડનો સુંદર દરવાજો હતો, જે હાલ મોજૂદ રહ્યાં નથી.

કબરની રેતિયા પથ્થરની પીઠિકા 4.88 × 1.70 મી. વિસ્તારની છે. કબરની નીચેનો ભાગ કાળા આરસનો છે, જે 1.96 × 62 સે.મી.નું માપ ધરાવે છે. આ કાળો ભાગ ચારે બાજુથી જાડચકુંભના આકારે છે. આની ઉપર વીંટા (scroll)ના આકારે સફેદ આરસનો ભાગ છે કે જેમાં લેખ કોતરેલો છે. આ સફેદ ભાગ 46 સે.મી. પહોળો, ઉત્તરની બાજુએ 37 સે.મી. ઊંચો અને દક્ષિણની બાજુએ 23 સે.મી. ઊંચો છે. આ સફેદ ભાગના બંને છેડા પાર્શ્વભાગે સર્પના ગૂંચળાકારે (spiral) છે, અર્થાત્ કોઈ કાગળનો વીંટો વાળીને મૂક્યો હોય એવો આકાર છે. ઉત્તરની બાજુએ એ અંદરની તરફ અને દક્ષિણની બાજુએ બહારની તરફ વીંટળાયેલો છે. બંને છેડાની ઊંચાઈમાં તફાવત હોવાને કારણે એ ઉત્તરથી દક્ષિણ તરફનો ઢાળ ધરાવે છે. ઢોળાવવાળા ભાગ પર લેખ કોતરેલો છે. લખાણના સૌથી ઉપરના ભાગે મધ્યમાં ક્રોસનું આલેખન છે. ક્રોસનો ઊભો ભાગ 28 સે.મી. અને આડો ભાગ 18 સે.મી.નો છે. ક્રોસના આ બંને ભાગને વૃક્ષના થડનો આકાર આપવામાં આવ્યો છે. ક્રોસની ડાબી બાજુએ R P S સંયુક્તાક્ષરી (monogram) અલંકૃત રીતે લખેલા છે, જે 'રિચર્ડ પ્રોક્ટર સિમ્સ' નામના પ્રથમ અક્ષરો છે. ક્રોસની ડાબી બાજુએ એક મુગટ પર મધ્યમાં બેઠેલા પક્ષીનું આલેખન છે. આ પક્ષી ગ્રીક પુરાણ–કથામાં આવતું ફિનિક્સ પક્ષી છે. આ પક્ષી એની અમરતા માટે જાણીતું છે. એ એના મૃત્યુની રાખમાંથી સજીવ થાય છે એવી માન્યતા છે. કબર પર આલેખાતા ફિનિક્સનું શિલ્પ ખ્રિસ્તી ધર્મના પુનરુત્થાન (resurrection)ની માન્યતાનું પ્રતીક છે. ઈશ્વર ફરીથી પૃથ્વી પર પધારશે અને દરેકનો ન્યાય કરશે, એ દિવસે સર્વ મૂએલા સજીવ થશે. ખ્રિસ્તી ધર્મની આ માન્યતાને પુનરુત્થાન (resurrrection) કહે છે. આમ ફિનિક્સ પક્ષી મૃત્યુ પછી પણ ફરીથી સજીવ થાય છે એમ માનતી પણ મૃત્યુ પછી સજીવ થશે એ માન્યતાનું પ્રતિબિંબ આ આલેખનમાં જોવા મળે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પથિક

'પથિક' પ્રત્યેક અંગ્રેજી મહિનાની ૧૫ મી તારીખે પ્રસિદ્ધ થાય છે. પછીના ૧૫ દિવસમાં અંક ન મળે તો સ્થાનિક પોસ્ટ ઑફિસમાં લિખિત ફરિયાદ કરવી અને એની નકલ મને મોકલવી.

० 'પથિક' સર્વોપયોગી વિચારભાવના અને જ્ઞાનનું માસિક છે. જીવનને ઊર્ધ્વગામી બનાવતાં અભ્યાસપૂર્ણ અને શિષ્ટ મૌલિક લખાણોને સ્વીકારવામાં આવે છે.

• પ્રસિદ્ધ થઈ ગયેલી કૃતિને ફરી પ્રસિદ્ધ કરવા માટે ન મોકલવાની લેખકોએ કાળજી રાખવી.

० કૃતિ સારા અક્ષરે શાહીથી અને કાગળની એક જ બાજુએ લખેલી હોવી જોઈએ. કૃતિમાં કોઈ અન્ય ભાષાનાં અવતરણ મૂકયાં હોય તો એનો ગુજરાતી તરજૂમો આપવો જરૂરી છે.

० **કૃતિમાંના વિચારોની જવાબદારી લેખકની રહેશે.**

० 'પથિક'માં પ્રસિદ્ધ થતી કૃતિઓના વિચારો–અભિપ્રાયો સાથે તંત્રી સહમત છે એમ ન સમજવું.

० અસ્વીકૃત કૃતિ પાછી મેળવવા જરૂરી ટિકિટો આવી હશે તો તરત પરત કરાશે.

० નમૂનાના અંકની નકલ માટે રૂ–૫૦ ની ટિકિટો મોકલવી.

**મ.ઓ. ડ્રાફ્ટ પત્રો લેખો પથિક કાર્યાલય,** મધુવન, એલિસ બ્રિજ, **અમદાવાદ–૩૮૦૦૦૬**

આદ્ય તંત્રી : સ્વ. માનસંગજીબાર ઙ
તંત્રી-મંડળ( ) વાર્ષિક લવાજમ : દેશમાં રૂ.૩૦/–
ડૉ. કે. કા. શાસ્ત્રી ( ) વિદેશમાં રૂ. ૧૧૧/–,છૂટક રૂ. ૪/–
૨. ડૉ. નાગજીભાઈ ભટ્ટી, ૩. ડૉ. ભારતીબહેન શેલત

વર્ષ ૩૧ ] ચૈત્ર., સં. ૨૦૪૮ : એપ્રિલ., સને ૧૯૯૨ [અંક ૭

## અનુક્રમ

મિ. સિમ્પ્સની કબર અને લેખ ડૉ. થૉમસ પરમાર મુખપૃષ્ઠ ૨
સૌરાષ્ટ્રમાં રાજકોટ રાજ્યનું વિશિષ્ટ પ્રદાન પ્રો. કલ્પા એ. માણેક ૨
ગોંડળ રાજ્યમાં કન્યા–કેળવણી શ્રી. હસમુખભાઈ વ્યાસ ૫
મહાભારતમાં અંકિત યુદ્ધનીતિ ડૉ. મગનભાઈ આર. પટેલ ૭
આયના મહેલ : અમૂલ્ય સંગ્રહાલય શ્રી પ્રમોદ જોડી ૯
માલપુર રાજ્ય પ્રજામંડળની સ્થાપના ડૉ. મહેશચંદ્ર પંડ્યા ૧૦
ઊમતાની ઐતિહાસિક રૂપરેખા ડૉ. ર. ના. મહેતા ૧૫
ગણેશની ધાતુપ્રતિમાઓ ડૉ. વિભૂતિબહેન વિ. ભટ્ટ ૧૯
ધર્મસ્થાનોના જીર્ણોદ્ધાર માટે લૉટરી–પદ્ધતિ ડૉ. એ. એમ. કિકાણી ૨૨
રાષ્ટ્રિય દફતર–ભંડાર : નવી દિલ્હી શ્રી. જિતેંદ્ર વી. શાહ ૨૬

## વિનંતિ

વાર્ષિક ગ્રાહકોએ પોતાનું કે પોતાની સંસ્થા કૉલેજ યા શાળાનું લવાજમ રૂ. ૩૦/- હજી ન મોકલ્યું હોય તો સત્વર મ.ઓ.થી મોકલી આપવા હાર્દિક વિનંતિ. **સરનામામાં ગોળ વર્તુલમાં પહેલો અંક કયા માસથી ગ્રાહક થયાનું કહે છે. એ માસ પહેલાં લવાજમ મળવું અભીષ્ટ છે.** અગાઉનાં લવાજમ એક કે એકથી વધુ વર્ષોનાં બાકી છે તેઓ પણ સવેળા મોકલી આપવા કૃપા કરે. અંક હાથમાં આવે એ ગાળામાં લવાજમ મોકલી આપનારે આવા વર્તુલને ધ્યાનમાં ન લેવા વિનંતિ.

'પથિક'ના આશ્રયદાતા રૂ. ૧૦૦૧/–થી અને આજીવન સહાય રૂ. ૩૦૧/–થી થવાય છે. ભેટ તરીકે પણ રકમો સ્વીકારવામાં આવે છે. સ્વ. શ્રી. માનસંગજીભાઈના અને 'પથિક'ના ચાહકોને 'પથિક કાર્યાલય'ના નામના મ.ઓ. કે ડ્રાફ્ટથી મોકલી આપવા વિનંતિ. આ છેલ્લી બે પ્રકારની તેમ રૂ. ૫૦ થી લઈ આવતી વધુ ભેટની રકમ અનામત જ રહે છે અને એનું માત્ર વ્યાજ જ વપરાય છે.

**લવાજમ બાકી થાય તે તરત મોકલવા વિનંતિ.**



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સૌરાષ્ટ્રમાં રાજકોટ રાજ્યનું વિશિષ્ટ પ્રદાન*

પ્રા. કલ્પા એ. માણેક

સૌરાષ્ટ્રનો પ્રદેશ પ્રાચીન સમયમાં 'સુરાષ્ટ્ર' તરીકે જાણીતો હતો, તો મુસ્લિમયુગ દરમ્યાન એ 'સોરઠ' તરીકે ઓળખાતો હતો, જ્યારે મરાઠાઓ અને બ્રિટિશરોની સત્તા દરમ્યાન એ 'કાઠિયાવાડ' તરીકે ઓળખાતો હતો અને સ્વતંત્રતા પછી કાઠિયાવાડનાં દેશી રાજ્યોનું એકીકરણ થયા બાદ ફરીથી એને વિકસેલું 'સૌરાષ્ટ્ર' નામ આપવામાં આવ્યું. ૧૯૪૭ પહેલાં સૌરાષ્ટ્રમાં સત્તા અને સ્વતંત્રતાની વિવિધતા ધરાવતાં નાનાંમોટાં મળીને કુલ ૨૨૨ દેશી રાજ્યો આવેલાં હતાં. કર્નલ કીટિંગે કરેલા વર્ગીકરણ અનુસાર સૌરાષ્ટ્રનાં આ રાજ્યોને સાત વર્ગોમાં વહેંચવામાં આવ્યાં હતાં.

સૌરાષ્ટ્રનાં ૨૨૨ રજવાડાંઓમાં રાજકોટનું રાજ્ય બહુ મોટું રાજ્ય નહોતું. એ માત્ર એક દ્વિતીય કક્ષાનું નાનું રાજ્ય હતું એમ છતાં એ મહત્ત્વનું હતું, કારણ કે એ પશ્ચિમ હિંદનાં રાજ્યોની રાજધાની જેવું સ્થાન ભોગવતું હતું અને કાઠિયાવાડ પોલિટિકલ એજન્ટનું એ વડું મથક હતું.[1] ઉપરાંત રાજકોટ શહેર એનાં તંદુરસ્ત હવા-પાણી માટે પ્રસિદ્ધ હતું અને છે.[2] રાજકોટ સૌરાષ્ટ્રમાં કેંદ્રસ્થાને આવેલું હોવાથી એનો વિકાસ ઝડપી અને વિશેષ રીતે થયો હતો. સૌરાષ્ટ્રના ઈતિહાસમાં રાજકીય સામાજિક આર્થિક શૈક્ષણિક અને સાંસ્કૃતિક ક્ષેત્રોમાં રાજકોટનું પ્રદાન વિશિષ્ટ રહ્યું હતું.

રાજકોટ રાજ્યની પૂર્વ દિશામાં વઢવાણ-લીંબડી રાજ્યો, દક્ષિણ દિશામાં ગોંડળ અને કોટડા સાંગણીનાં રાજ્યો, પશ્ચિમ બાજુ ધ્રોળનું તથા જામનગરનું રાજ્ય અને ઉત્તર તરફ વાંકાનેરનું રાજ્ય આવેલ હતાં. એનું ક્ષેત્રફળ ૨૮૨ ચોરસ માઈલનું હતું, જેમાં ૬૪ ગામોનો સમાવેશ થતો હતો.[3] એનાં વાર્ષિક આવક અને ખર્ચ લગભગ ૧૨ લાખ રૂપિયાની આસપાસ હતાં. બ્રિટિશ સરકારને એ ખંડણી પેટે વાર્ષિક રૂા. ૧૮,૯૯૧ અને જૂનાગઢ રાજ્યને જોરતલબી તરીકે વાર્ષિક રૂપિયા ૨,૩૩૦ આપતું હતું.[4]

રાજકોટ રાજ્યની સ્થાપના ઈ.સ. ૧૬૮૦ માં વિભાજી જાડેજાએ કરી હતી. ત્યારે રાજધાની સરધારમાં હતી. રાજકોટ શહેરની સ્થાપના ઈ. સ. ૧૬૧૦ માં આજી નદીના પશ્ચિમ કાંઠે પશુપાલક રાજુ સંધીના નેસ પાસે કરવામાં આવી હતી. રાજુ સંધીના નામ ઉપરથી એનું નામ 'રાજકોટ' પડ્યું હોવાનું કહેવાય છે. લગભગ ૧૧૦ વર્ષ પછી ઈ. સ. ૧૭૨૦ માં જૂનાગઢના નાયબ ફોજદાર માસૂમખાને રાજકોટના રાજવી મહેરામણજી-૨ ને મારીને રાજકોટ અને સરધારના પ્રદેશ જીતી લીધા હતા. ઈ. સ. ૧૭૨૨ માં માસૂમખાને રાજકોટનો કિલ્લો બંધાવ્યો અને પોતાના નામ ઉપરથી રાજકોટનું નવું નામ "માસૂમાબાદ" પાડ્યું,[5] પરંતુ એ નામ લોકજીભે ચડ્યું નહિ,[6] પણ પછીથી ૧૭૩૨ માં રણમલજી-૧ લાએ માસૂમખાનને મારી નાખીને રાજકોટનો કબજો લીધો અને પોતાના રાજ્યની રાજધાનીના સ્થળ તરીકે એનો વિકાસ કર્યો હતો. પછીથી ઈ. સ. ૧૮૨૨ માં અંગ્રેજોએ રાજકોટમાં કોઠીની સ્થાપના કરતાં રાજકોટનો વિકાસ ઝડપી બન્યો.

૧૮૨૨ સુધી રાજકોટનો વિકાસ કોટની અંદરના ભાગમાં જ થયો હતો, પરંતુ ૧૮૨૨ માં અંગ્રેજોની કાયમી લશ્કરી છાવણી અને ૧૮૬૩ માં સિવિલ સ્ટેશન (કેમ્પ) સ્થપાતાં રાજકોટની પશ્ચિમ બાજુ કોટની બહાર પણ વિકાસ થયો. એમાં વળી રાજકોટ કાઠિયાવાડ એજન્સીની રાજધાની બનતાં રાજા-રજવાડાં અને પરગામના વેપારીઓ વગેરે રાજકોટમાં જમીન ખરીદવા લાગ્યાં તેથી રાજકોટ શહેરનો વિસ્તાર વધ્યો. ઈ. સ. ૧૯૦૦ સુધીમાં તો સિવિલ સ્ટેશનમાં સૌરાષ્ટ્રનાં અનેક રાજ્યોના ઉતારા બંધાયા.[7]

* સૌરાષ્ટ્ર કચ્છ ઈતિહાસ પરિષદના બોટાદમાં યોજાયેલા જ્ઞાનસત્રમાં ૧૧-૧૨ જાન્યુઆરી '૯૨ના દિવસે રજૂ કરેલ સંશોધન-નિબંધ



For Private and Personal Use Only

આમ રાજકોટ પૂર્વમાં પરા વિસ્તારમાં અને પશ્ચિમમાં સિવિલ સ્ટેશન (કૅમ્પ) વિસ્તારમાં વિકસેલું હતું. ૨૦ મી સદીમાં લાખાજીરાજના સમયમાં રાજકોટના શહેરીકરણની સાથે એના આધુનિકીકરણની પણ શરૂઆત થઈ.

રાજકોટ એ નાનું રાજ્ય હોવા છતાં કાઠિયાવાડની બ્રિટિશ એજન્સીનું વડું મથક હોવાથી સૌરાષ્ટ્રની રાજકીય પ્રવૃત્તિઓનું પણ એ વડું મથક બન્યું હતું. સાથેસાથે એ સૌરાષ્ટ્રની આર્થિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓનું કેંદ્ર પણ બન્યું હતું.

વહીવટના ક્ષેત્રે રાજકોટ રાજ્યમાં બ્રિટિશ ઍડમિનિસ્ટ્રેશનના સમય દરમ્યાન નિયમિત દફતર રાખવાની પ્રથા શરૂ થઈ હતી, તો લાખાજીરાજના પિતા બાવાજીરાજના શાસન દરમ્યાન (૧૮૬૨ થી ૧૮૯૦) કેટલીક યોગ્ય અને મહત્ત્વની વ્યક્તિઓની નિમણુક થતાં રાજકોટ રાજ્યનો વિકાસ કરવામાં એમણે પણ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. મુખ્ય હતા દીવાન કરમચંદ ઉત્તમચંદ ગાંધી એટલે કે મહાત્મા ગાંધીના પિતાજી, તો બીજા હતા ઠાકોરસહેબના સલાહકાર કરસનદાસ મૂળજી. બાવાજીરાજના શાસનના અંતે રાજકોટમાં ૮૦% કર્મચારીઓ રાજકોટના જ પ્રજાજનો હતા તેથી એમણે પણ રાજકોટના વિકાસમાં ઊંડો રસ દાખવ્યો હતો. ૧૮૬૯ માં રાજકોટ શહેર-સુધરાઈનો કાયદો પસાર થયો અને એના અમલ માટે ચાર અમલદારો તથા પ્રજા તરફથી પાંચ વ્યક્તિઓની બનેલી જનરલ સભા નીમવામાં આવી હતી, તો ૧૮૭૩ માં સૌરાષ્ટ્રનાં રાજ્યો, એઓના ભાયાતો અને ગિરાસદારોના ઝઘડાઓનું નિરાકરણ કરવા માટે રાજકોટમાં રાજસ્થાનિક કોર્ટની સ્થાપના કરવામાં આવી હતી. એના પ્રમુખ-સ્થાને બ્રિટિશ ઑફિસરો રહેતા.[૮] આ કોર્ટ ખૂબ જ મહત્ત્વની પુરવાર થઈ અને એમ કહી શકાય કે એણે બહારટિયા-પ્રથાનો અંત આણ્યો.[૯] બાવાજીરાજે પણ રાજકોટમાં હજૂર કોર્ટ સ્થાપી હતી, જેને લાખાજીરાજે દીવાની અને ફોજદારી બાબતોમાં હાઈકોર્ટનું સ્થાન આપ્યું હતું.

સામાજિક સુધારણા ક્ષેત્રે સૌ-પ્રથમ રાજપૂતોમાં પ્રવર્તતા દીકરીઓને દૂધ-પીતી કરવાના રિવાજને નાબૂદ કરવાના પ્રયત્નો થયા હતા. રાજકોટના રાજવી મહેરામણજી-૪ થાએ આ રિવાજ બંધ કરાવવામાં અંગ્રેજ સરકારને મદદ કરેલી એ માટે કદર કરીને ૧૮૫૭ માં બ્રિટિશ રાજ્યે એમને સોનાનો હાર ભેટ આપ્યો હતો.[૧૦] ૧૮૭૭ માં રાજકોટ રાજ્યના લોકોના નૈતિક વિકાસ માટે જુગાર અટકાવવાનો કાયદો અને પરવાનગી વિના પશુ-પક્ષીઓનો શિકાર કરવા ઉપર પ્રતિબંધ મૂકતો કાયદો પસાર કરવામાં આવ્યા હતા, રાજકોટ સિવિલ સ્ટેશનની પાણીની તંગી દૂર કરવા ૧૮૮૭ માં રૂ. ૧ લાખ, ૩૬ હજારના ખર્ચે રાંદરડા તળાવ બાંધવામાં આવ્યું હતું, જ્યારે રાજકોટ શહેરની વસ્તીને પાણી પૂરું પાડવા ૪ લાખ રૂ.ના ખર્ચે લાલપરી તળાવ બાંધવામાં આવ્યું હતું. આ બંને તળાવોમાં બોટિંગની વ્યવસ્થા હતી, જે આજે પણ રાજકોટમાં પ્રાપ્ત છે.[૧૧]

૧૮૫૫ માં રાજકોટમાં 'સૌરાષ્ટ્ર-હિતવર્ધક મંડળી' સ્થપાઈ હતી, તો 'સૌરાષ્ટ્ર દર્પણ' અને 'વિજ્ઞાનવિલાસ' જેવાં સામયિકોએ પણ નવા સુધારાવાદી વિચારો ફેલાવ્યા. એજન્સીના નાગર અમલદાર મણિશંકર કિકાણી અને રાજકોટના રાજવીના સલાહકાર કરસનદાસ મૂળજીએ સામાજિક સુધારાની ચળવળને પ્રોત્સાહન આપ્યું હતું. ૧૮૭૪ માં ટંકારાના મૂળ વતની એવા દયાનંદ સરસ્વતીએ રાજકોટમાં આવીને પ્રવચનો આપ્યાં. પછીથી અહીં આર્યસમાજની સ્થાપના થઈ હતી. આમ સામાજિક અને ધાર્મિક સુધારાના ક્ષેત્રે સૌરાષ્ટ્રમાં રાજકોટ અગ્રેસર રહ્યું હતું.

શિક્ષણના વિકાસના ક્ષેત્રે પણ રાજકોટ સૌરાષ્ટ્રનું વિદ્યાકેંદ્ર રહ્યું હતું અને છે. રાજકોટમાં પ્રથમ ગુજરાતી શાળા સ્થાપી સૌરાષ્ટ્રમાં કન્યા કેળવણીનો પાયો નાખ્યો. ૧૮૬૭ માં હંટર મેઈલ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ટ્રેઈનિંગ કૉલેજ અને ૧૮૮૫ માં સ્ત્રીઓ માટે બાર્ટન ટ્રેઈનિંગ કૉલેજ સ્થપાઈ હતી. સૌરાષ્ટ્રમાં ૧૮૬૩ માં સુધારાનો શિલ્પી કર્નલ કીટિંગ હતો. એના પ્રયત્નોથી જ ૧૮૭૦ માં રાજકોટમાં દેશી રાજ્યોના ભાવી રાજવીઓને શિક્ષણ આપવા માટે 'રાજકુમાર કૉલેજ'ની સ્થાપના થઈ. રાજકોટમાં રાજકુમાર કૉલેજની સ્થાપના સૌરાષ્ટ્રમાં એક નવા યુગના ઉદય સૂચવે છે.[૧૨] એ પોતાના પ્રકારની પશ્ચિમ હિંદની સૌથી મહત્ત્વની સંસ્થા બની ગઈ. પછીથી ૧૮૭૪ માં આલ્ફ્રેડ હાઈસ્કૂલની સ્થાપના થઈ, જેમાં પછીથી ગાંધીજી ભણ્યા હતા. ઉપરાંત રાજકોટમાં લેન્ગ લાયબ્રેરી અને ૧૮૮૮ માં વૉટ્સન મ્યુઝિયમની પણ સ્થાપના થઈ હતી. આમ રાજકોટ સૌરાષ્ટ્રનું વિદ્યાકેંદ્ર બન્યું. વળી રાજકોટ એજન્સીનું વડું મથક હોવાથી પાશ્ચાત્ય પદ્ધતિની હૉસ્પિટલ પણ રાજકોટમાં ૧૮૭૬ માં સ્થપાઈ હતી, તો ૧૮૮૧ માં રાજકોટ રાજ્યે રક્તપીતિયા માટેની હૉસ્પિટલ સ્થાપી હતી.

આર્થિક ક્ષેત્રે રાજકોટ રાજ્યનું નાણાકીય વર્ષ પહેલી નવેમ્બરથી ૩૧ ઑક્ટોબર ગણવામાં આવતું હતું. બાવાજીરાજ અને લાખાજીરાજના સમયમાં રાજકોટના આર્થિક વિકાસના પણ પ્રયત્નો થયા હતા, જેને પરિણામે રાજ્યની આવક વધી હતી. અનાજની બાબતમાં ખેડૂતો સમૃદ્ધ હતા અને રાજકોટની પ્રજાને સસ્તા દરે અનાજ મળી રહેતું હતું. રાજકીય કાવા-દાવા તેમ વેપારી કરારો વગેરેને કારણે પણ રાજકીય સંપર્ક અને આર્થિક પ્રગતિમાં વૃદ્ધિ થઈ. આર્થિક વિકાસની સાથે માલ અને માણસોની હેરફેર માટે રસ્તાઓ અને રેલવેનાં બાંધકામો પણ હાથ ધરાયાં. ૧૮૬૫ માં વઢવાણથી રાજકોટનો રસ્તો બાંધવાનું કામ શરૂ થયું હતું, તો ૧૮૮૦ પછી ગોંડળ મોરબી અને જામનગર રાજ્યોએ રાજકોટ સુધીની રેલવે-લાઈનો નાખી; જોકે રાજકોટ રાજ્યની પોતાની કોઈ રેલવે નહોતી. આમ, રાજકોટ રાજ્ય રસ્તા અને રેલવે-માર્ગે સૌરાષ્ટ્રનાં અન્ય રાજ્યો તથા મુંબઈ સાથે જોડાતાં રાજકોટનો આર્થિક વિકાસ ઝડપી બન્યો, તો ૧૮૭૭ ના દુકાળ વખતે અને પછીથી પ્લેગ વખતે પણ રાજકોટના રાજવીઓએ દુષ્કાળ-રાહતનાં કાર્યો ઉત્સાહપૂર્વક હાથ ધર્યાં હતાં. લાખાજી-રાજ તો પ્લેગના ઉપદ્રવ સમયે રાજકોટ છોડી જવાને બદલે પ્રજાની દેખરેખ માટે પોતે રાજકોટમાં રોકાયા હતા. એમણે કહેલું કે જો હું રાજકોટમાં ન રહું તો અમલદારો પ્રજાની દેખરેખ બરાબર રાખે નહિ.[૧૩] આ બાબત એમની પ્રજાવત્સલતા દર્શાવે છે. છપ્પનિયા દુકાળ (વિ.સં. ૧૯૫૬, એટલે કે ઈ. સ. ૧૯૦૦) વખતે રાજકોટે રૂ. ૧,૯૦,૫૦૦નું ઋણ લઈને પણ દુષ્કાળ-રાહતનાં કાર્યો કર્યાં હતાં.[૧૪] એ સમયના ગવર્નર-જનરલ લૉર્ડ કર્ઝન પણ રાજકોટ આવ્યા ત્યારે દુષ્કાળને લગતી ગોઠવણ તપાસી હતી અને સંતોષ વ્યક્ત કર્યો હતો.[૧૫] (અપૂર્ણ)

---

[અનુ. પા. ૨૮ થી]

દફતરભંડારમાં સંગૃહીત દફતરની જ્યારે જ્યારે જરૂર જણાય છે ત્યારે ત્યારે મેળવી શકાય છે. સરકારી અને અર્ધ સરકારી કચેરીઓ માટે દફતર સ્મરણિકા સમાન બને છે તેવી જ રીતે ખાનગી વ્યક્તિઓ પણ પોતાના હક્ક દાવા વગેરેની વિગતો મેળવી શકે છે. દફતરભંડારમાં ઐતિહાસિક મહત્ત્વ ધરાવતા બંધારણ ઘોષણા વટહુકમ સંધિ-કરાર વગેરે દસ્તાવેજોની અસલ પ્રતો સાચવી રાખવામાં આવે છે. અભ્યાસ અને વિવાદ વખતે પુરાવા તરીકે આવાં દફતરો અગત્યનાં પુરવાર થાય છે.

શ્રી ફિલિપ સી. બ્રુકસ આ પ્રમાણે જણાવે છે : 'દફતર લોકશાહીમાં સરકારી અધિકારીઓને પ્રજાને જવાબદાર લેખતું સાધન છે. એ વહીવટનું હથિયાર, સંસ્થાનું ચાલક બળ, અનુભવોનું મૂર્ત સ્વરૂપ, કાનૂની હક્કોના રક્ષક અને બીજી કેટલીયે માહિતીઓનો સ્રોત છે.'

ઠે. જિલ્લા દફતર કચેરી, ઈર્વિન હૉસ્પિટલની બાજુમાં, જામનગર-૩૬૧૦૦૮



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગોંડળ રાજ્યમાં કન્યા–કેળવણી

શ્રી. હસમુખભાઈ વ્યાસ

ભારત આઝાદ થયું એ પહેલાં લગભગ પ૨૨ જેટલાં નાનાં–મોટાં દેશી રજવાડાંઓનું પણ અસ્તિત્વ હતું. કેળવણીના ક્ષેત્રે આમાં એકરૂપતા નહોતી. કેટલાંક દેશી–રાજ્ય ખરેખર પ્રગતિકારક હતાં. આવું જ એક દેશી રાજ્ય તે ગોંડળ. ગોંડળે ખાસ તો ભગવતસિંહજીના રાજ્યકાલ દરમ્યાન અનેક ક્ષેત્રે વિકાસ સાધેલ. ભગવતસિંહજીની પ્રજાકીય દીર્ઘ દૃષ્ટિ કેળવણીના ક્ષેત્રે પણ જોવા મળે છે; ખાસ તો સમગ્ર ભારતવર્ષમાં કન્યાકેળવણી અંગે એમનું પ્રદાન વિશિષ્ટ હતું. આની ચર્ચા કરીએ એ પહેલાં તત્કાલીન કન્યા–કેળવણી વિશે ટૂંકમાં નોંધીએ.

ભારતવર્ષમાં અંગ્રેજોના આગમન બાદ ધીમે ધીમે અંગ્રેજી કેળવણીનો પ્રારંભ થયો ત્યાંસુધી મહેતાજીની નિશાળો હતી કે જેમાં ભણવું ન તો ફરજિયાત હતું કે મફત. વળી, છોકરીઓ માટે તો ભણવાની ખાસ કોઈ વ્યવસ્થા જ નહોતી. આવી પરિસ્થિતિમાં–પ્રસ્તુત લેખની પૂર્વ ભૂમિકાના સંદર્ભમાં–લન્ડનમિશનરી સોસાયટીએ ઈ. સ. ૧૮૧૮ માં સુરતમાં સૌ–પ્રથમ કન્યાશાળા ખોલી. આ સંસ્થાએ આ પછીથી સૌરાષ્ટ્રમાં પણ ઘોઘા ને રાજકોટમાં બે કન્યાશાળા ખોલી હતી. આમ છતાં સૌરાષ્ટ્ર–કાઠિયાવાડમાં કન્યાકેળવણીનો પ્રારંભ કરવાનું માન કાઠિયાવાડના તત્કાલીન પોલિટિકલ એજન્ટ કર્નલ લેન્ગને અપાય છે, કેમકે રાજકોટમાં એણે પોતાના ખર્ચે કન્યાશાળા શરૂ કરેલી, જે "લેન્ગ કન્યાશાળા" કહેવાઈ; પછીથી રાજકોટના તત્કાલીન ઠાકોર બાવાજીરાજે એનો ખર્ચ ઉપાડી લીધેલો એટલે એ "બાવાજીરાજ કન્યાશાળા" કહેવાય છે.

ઈ. સ. ૧૯૧૮ માં વિઠ્ઠલભાઈ પટેલે રજૂ કરેલ "ફરજિયાત પ્રાથમિક શિક્ષણ ધારો" (જે પછીથી 'મુંબઈ પ્રાથમિક શિક્ષણધારો, ૧૯૧૮' તરીકે ઓળખાયો અને સુધારેલા સ્વરૂપે આજ પર્યંત અમલમાં છે.) થતાં ૮ થી ૧૧ વર્ષ સુધી દરેકને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ લેવાનું અમલી બન્યું, પરંતુ આમ છતાં દરેક દેશી રાજ્યમાં આનો અમલ થયેલ નહિ. ૧૯૧૮ પહેલાં વડોદરા રાજ્યે ૧૮૯૩ ની ૧૬ મી માર્ચે પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત કરતો કાયદો અમલમાં મૂક્યો હતો. આ કાયદો સર્વ–પ્રથમ અમરેલી પ્રાંતમાં અમરેલી શહેર અને એના તાલુકાનાં નવ ગામોમાં લાગુ કરાયેલો. મે, ૧૯૦૭ થી સમગ્ર વડોદરા રાજ્યમાં મફત ને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ અમલી બનાવેલ.

હવે ગોંડળ રાજ્યની કન્યા–કેળવણી વિશે :

"ગોંડળ–હજૂર આદેશ આંક ૩૭, ૧ જાન્યુઆરી, ૧૯૧૮" :

૧. આ સંસ્થાનનાં મ્યુનિસિપલ શહેરોમાં સ્ત્રી–કેળવણીના ફાયદા કંઈક અંશે દેખાય છે, પણ છોકરાઓને ભણાવવા તરફ જેટલી કાળજી મા–બાપને દેખાય છે તેટલી છોકરીઓ સંબંધે જણાતી નથી, જેથી એ લાભથી લોકોને સમજતા કરવા માટે એવાં શહેરોને બાદ કરી બાકીનાં સ્કૂલવાળાં ગામોમાં અસ્પૃશ્ય જ્ઞાતિ સિવાયની દરેક કોમની કન્યા માટે કેળવણી ફરજિયાત કરવામાં આવે છે.

૨. દરેક વાલી સાતથી અગિયાર વર્ષ સુધીની બાળાને ભણવા ન મોકલે તેની પાસેથી દરરોજનો દર બાળા દીઠ એક આનો દંડ લેવામાં આવશે.

૩. કમાવાને અશક્ત વાલીનું ભરણપોષણ કરનારી તથા પોતે અપંગ હોઈ ભણી ન શકે તેવી બાળાઓને કેળવણી ખાતું પૂરી ખાતરી થયે ફરજિયાત શિક્ષણમાંથી મુક્ત કરી શકશે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉપર્યુક્ત હજૂર આદેશ પ્રમાણે–

૧–૧–૧૯૧૮ થી ગોંડળ રાજ્યમાં ચાર મ્યુનિસિપલ શહેરો (ગોંડળ ધોરાજી ઉપલેટા અને ભાયાવદર) સિવાયનાં તમામ ગામોની અસ્પૃશ્ય જ્ઞાતિ સિવાયની સાતથી અગિયાર વર્ષ સુધીની બાળાઓને પ્રાથમિક શિક્ષણ ફરજિયાત કરાયું. કોઈ વાલી પોતાની યોગ્ય બાળાને શાળાએ ભણવા ન મોકલે તો દરરોજનો બાળા દીઠ એક આનો દંડની જોગવાઈ પણ કરાઈ. આમાં કમાવાને અશક્ત વાલીનું ભરણપોષણ કરતી અને અપંગ હોય તેવી બાળાને કેળવણી ખાતું પૂરો ચકાસણી–ખાતરી કરી ફરજિયાત શિક્ષણ-માંથી મુક્તિ આપશે એવી જોગવાઈ પણ કરાયેલી. આ આદેશમાં દંડની જોગવાઈ છે. સંભવ છે કે આનો પૂરો અમલ ન થાય કે દુરુપયોગ થાય એવી સંભાવના–શક્યતાને વિચારી "ગોંડળ હ.પ. આંક ૨૬૪, ૧૩ જાન્યુઆરી, ૧૯૨૯"થી ફરજિયાત કન્યા–કેળવણીનો જે ધારો મંજૂર કરવામાં આવેલો તેની ૧૭ મી કલમમાં આ પ્રમાણે જોગવાઈ કરાયેલ :

"દંડ થવો જોઈએ છતાં નથી થયો અથવા ન થવો જોઈએ છતાં થયો છે એવી ખાતરી થતાં માસ્તરને સખ્ત નસિયત થશે."

આ ધારાઓની જોગવાઈ પ્રમાણે એક મહિનામાં કોઈ પણ બાળાથી વગર રજાએ ત્રણ દિવસથી વધુ ગેરહાજર રહી શકાતું નહિ અને કલમ ૧૮ મુજબ સમગ્ર વર્ષની ૬૫ ટકા હાજરી હોવી જોઈએ એવો નિર્દેશ પણ મળે છે.

તા. ૧–૧–૧૯૧૮ થી જે ચાર મ્યુનિ. શહેરો સિવાયમાં ફરજિયાત પ્રા. શિ. અમલી બનાવાયેલ તે પછીથી ભાયાવદરમાં (હ. પ. ૧૦૬૬૫, ૧૪ ડિસેમ્બર, ૧૯૩૩) તા. ૧–૧–૧૯૩૪ થી અને ઉપલેટામાં (હ. પત્રાંક ૫૨૧૫, ૨૧ જૂન ૧૯૩૫) તા. ૧–૭–૧૯૩૫ થી કન્યા–કેળવણી ફરજિયાત દાખલ કરી.

કન્યા–કેળવણી ફરજિયાત બનાવ્યાના ૧–૧–૧૯૧૮ ના પત્રાંકમાં બાળા દીઠ દરરોજના એક આનો દંડની પણ જોગવાઈ છે. કોઈ વાલી આ પ્રકારનો થયેલ દંડ એક વર્ષ સુધી ભરે નહિ તો એવી વર્ષ આખરે લેણી રહેતી રકમ બીજા વર્ષના પ્રારંભે જાન્યુઆરીની ૧૫ મી સુધીમાં રેવન્યૂ ખાતે ઉધારી દઈ, જ્યારથી રેવન્યૂ ખાતે લેણાની રકમ ચડે ત્યારથી, ધોરણસર એનું વ્યાજ પણ વસૂલ કરવાની જોગવાઈ કરાયેલ. (જુઓ–"ગોંડળ હ. પ. આદેશ, આંક ૨૪ ૬, ૩૧ મે, ૧૯૨૪.")

ફરજિયાત પ્રાથમિક કન્યા–કેળવણીનો ધારો અમલી બનાવવાનું જ માત્ર ગોંડળ રાજ્યે પૂરતું માનેલ નહિ, બાળાઓને ભણવામાં આર્થિક સહાય મળે, પ્રોત્સાહન મળે, એવી પણ જોગવાઈ કરાયેલ; જેમકે

૧. રાજકુમારી લીલાબાએ આપેલ રૂ. ૪૦૦૦/–માંથી નીચેની શાળાઓમાં જે કન્યા લાગલાગટ બે વર્ષ અભ્યાસ કરી, પહેલે નંબરે પાસ થઈને સૌથી ઊંચા ધોરણમાં અભ્યાસ કરતી હોય તેને માસિક રૂ. ૪/–ની શિષ્યવૃત્તિ પણ અપાતી :

૧. મોંઘીબા હાઈસ્કૂલ–ગોંડળ, ૨. ધોરાજી કન્યાશાળા, ૩. ઉપલેટા કન્યાશાળા, ૪. ભાયાવદર કન્યાશાળા

૨. ધો. ૪–૫–૬માં ભણતી કન્યાઓ પૈકી સૌથી સરસ નિબંધ લખનારને "લીલાબા ઈનામ" અપાતું. આ ઈનામ રાજકુમારી શ્રી લીલબાના લગ્નની યાદગીરીમાં લક્ષ્મીચંદ હેમરાજ આઢ્યાએ આપેલ રૂ. ૨૫૦–ના વ્યાજમાંથી અપાતું.

ઠે. હાઇસ્કૂલ, જામ કંડોરણા (જિ. રાજકોટ)–૩૬૦૪૦૫



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મહાભારતમાં અંકિત યુદ્ધનીતિ

[ ગતાંક પૃ. ૪ થી ચાલુ ]

ડૉ. મગનભાઈ આર. પટેલ

ભીષ્મપર્વના વિવરણ અનુસાર નિયમ મુજબ ગાયો બ્રાહ્મણ જડ અંધ સૂતેલા, ડરી ગયેલા, મત્ત ઉન્મત્ત તથા અસાવધાન પર શસ્ત્ર ચલાવવું નિષિદ્ધ હતું,[૯૧] પરંતુ ભારતયુદ્ધમાં એવા લોકો પર માત્ર શસ્ત્ર-અસ્ત્રોથી જ આક્રમણ કર્યું હતું, ઉપરાંત એવી વ્યક્તિઓનો વધ પણ કર્યો હતો. પાંડવોના પુત્રો સૂતેલા હતા. અસાવધાન, શસ્ત્રહીન, હાથ જોડેલો, ભાગતો તથા વાળ ખોતરનારને મારવો નહિ, એવું દર્શાવ્યું છે.[૯૨]

દ્રોણપર્વના ઉલ્લેખ મુજબ રાજકુમારોને હીન કુલવાળાઓ સાથે લડવું નિષિદ્ધ હતું, પરંતુ આ નિયમનું પણ પાલન થયું ન હતું.[૯૩] ઝેરી બાણ, કર્ણી (વિપરીત ધારવાળાં), નાલીક (શરીરમાં ગયા પછી જે બહાર ન નીકળી શકે) વગેરે શસ્ત્રોનો પ્રયોગ ન કરવો જોઈએ,[૯૪] પરંતુ ભારતયુદ્ધમાં એનો પણ પ્રયોગ થયો હતો. દુર્યોધનની સાથે દ્વંદ્વયુદ્ધમાં ભીમસેન દ્વારા કુટિલ માર્ગનો આશ્રય લેવાથી ગાંધારી ખૂબ ગુસ્સે થઈ હતી[૯૫] અને એ પાંડવોને શાપ આપવા પણ ઉત્સુક થઈ હતી,[૯૬] પરંતુ ભીષ્મ પિતામહે એને એમ કહીને રોકી હતી કે પાંડવોનો પક્ષ ધર્મગત હતો, 'જ્યાં ધર્મ છે ત્યાં જ વિજય છે.'[૯૭] વળી, દ્રોણપર્વમાં વિવરણ છે કે દુર્યોધનને અપમાનિત કરવાથી દ્રોણે રાત્રિયુદ્ધનો આશ્રય લઈને ચોક્કસ નિયમોની અવગણના કરી હતી.[૯૮] ઘટોત્કચ તેમજ કર્ણે પણ રાત્રિયુદ્ધનો આશ્રય લીધો હતો.[૯૯]

અર્જુનના કહેવાથી ચંદ્રોદય સુધી રાત્રિયુદ્ધ બંધ રાખવામાં આવ્યું હતું.[૧૦૦] કૃષ્ણનો હથિયાર ન ઉઠાવવાનો નિયમ હતો એમ છતાં અર્જુનને હણી નાખવાને માટે ભગદત્ત દ્વારા છોડાયેલ વૈષ્ણવ અસ્ત્રથી પણ પોતાના સખા પાર્થની રક્ષા કરી હતી.[૧૦૧] શલ્યપર્વના ઉલ્લેખ મુજબ પાંડવોનું સાધ્ય પવિત્ર હતું તેથી રણભૂમિમાં એમના દ્વારા અપનાવાયેલ કૂટનીતિક સાધનોને કૃષ્ણે ઉચિત ગણ્યાં હતાં[૧૦૨] તેથી મહદ્ અંશે એમની પ્રેરણાથી સંપન્ન થનાર "કૃષ્ણના કૂટયુદ્ધ"નાં કાર્યોનો તથા એવાં જ અન્ય કુટિલ કાર્યોનો એમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

સમગ્રતઃ જોઈએ તો મહાભારત ગ્રંથમાં યુદ્ધસંબંધી નીતિ સ્પષ્ટ હતી, એટલે કે સામાન્ય રીતે નીતિમય રીતે જ યુદ્ધ થતું, પરંતુ અપવાદરૂપે કૂટયુદ્ધનો આશ્રય પણ લેવાતો હતો. એ અરસામાં યુદ્ધના નિયમોની આચારસંહિતા હોવા છતાં પણ સમય અને સંજોગો મુજબ પાંડવો અને કૌરવો વચ્ચે થયેલા ભારતયુદ્ધમાં બંને પક્ષો દ્વારા નીતિનિયમોનો કેટલીક વાર ભંગ થયો હતો એ હકીકત પણ ભૂલવી ન જોઈએ.

ઠે. ઇતિહાસવિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર-૩૮૮૧૨૦

૧. મહા. ઉદ્યો. અધ્યા. ૧૭૯-૧૭ ૨. એજન, ૧૭૯-૨૫ ૩. એજન, અધ્યા. ૧૭૯-૨૪
૪. મહા. શાંતિ., અધ્યા. ૬૯-૨૩ ૫. મહા. ભીષ્મ., અધ્યા. ૧-૨૬૨ ૬. એજન, અધ્યા ૧-૨૭ થી ૩૨
૭. એજન, અધ્યા. ૧૧૩-૨, ૩ ૮. મહા ભીષ્મ. અધ્યા. ૨-૧૪
૯ મહા ભીષ્મ. અધ્યા. ૧-૨૭ થી ૩૩
૧૦. મહા. શાંતિ., અધ્યા. ૧૦૦-૨૭ થી ૨૯ ૧૧. મહા. ભીષ્મ., અધ્યા. ૧૯-૩૬
૧૨. મહા. શાંતિ., અધ્યા. ૯૮-૪૮ ૧૩. એજન, અધ્યા. ૯૯-૧૪ ૧૪. એજન, ૯૫-૭
૧૫. એજન, અધ્યા. ૯૭-૯, ૧૦ ૧૬. એજન, અધ્યા. ૯૫-૧૧ ૧૭. એજન, અધ્યા. ૯૫-૧૨
૧૮. મહા. આદિ., અધ્યા. ૧૦૭-૩૬ ૧૯. મહા. ઉદ્યો., અધ્યા. ૧૯૬-૮
૨૦. એજન, અધ્યા. ૧૧૫-૧૫ ૨૧. એજન, અધ્યા. ૧૯૩-૧૦; મહા. શલ્ય, અધ્યા. ૩૧-૭



For Private and Personal Use Only

૨૨. મહા. ઉદ્યો. અધ્યા. ૧૫૭–૧૬૧ ૨૩. મહા. ભીષ્મ., અધ્યા. ૪૧–૩૨ થી ૩૫
૨૪. એજન, અધ્યા. ૫૫–૭૯ ૨૫. એજન, અધ્યા. ૭૩–૨૮ ૨૬. એજન, અધ્યા. ૧૦૩–૭ થી ૧૪
૨૭. એજન, અધ્યા. ૧૦૫–૨૪, ૨૫ ૨૮. એજન, અધ્યા. ૧૧૬–૩
૨૯. મહા. શલ્ય., અધ્યા. ૬૩–૧૨૯ ૩૦. મહા. કર્ણ., અધ્યા. ૪૯–૩૨
૩૧. મહા. શલ્ય., અધ્યા. ૬૪–૨૭ ૩૨. એજન, અધ્યા. ૬૦–૫, ૬
૩૩. મહા. શાંતિ., અધ્યાય ૧૦૨–૨૩ થી ૨૬ ૩૪. મહા, શલ્ય., અધ્યા. ૬૩–૧૨ થી ૧૪
૩૫. એજન, અધ્યા. ૫૯–૫ થી ૧૦ ૩૬. એજન, અધ્યા. ૫૯–૨૩ ૩૭. મહા. શાંતિ., અધ્યા. ૯૭
૩૮. મહા. વિરાટ., અધ્યા. ૪૬–૬, ૭ ૩૯. મહા. શાંતિ., અધ્યા. ૯૫–૧૩
૪૦. એજન, અધ્યા. ૧૦૨–૩૪ થી ૩૯ ૪૧. મહા. ભીષ્મ, અધ્યા. ૪૩–૨૨
૪૨. એજન, અધ્યા. ૪૩. ૨૩, ૨૪ ૪૩. એજન, અધ્યા. ૪૩–૨૩ ૪૪. મહા. વિરાટ., અધ્યા. ૬૬–૨૫
૪૫. એજન, અધ્યા. ૬૬–૧૦ ૪૬. એજન, અધ્યા ૬૬. ૨૧–૨૨ ૪૭. એજન, અધ્યા. ૬૬
૪૮. એજન, અધ્યા. ૬૨–૧, ૨ ૪૯. મહા. ઉદ્યો., અધ્યા. ૧૫૬. ૧૭, ૨ થી ૨૪
૫૦. મહા. શલ્ય, અધ્યા. ૫૭ ૫૧. મહા. દ્રોણ., અધ્યા. ૧૯૯.૯૨
૫૨. મહા. ભીષ્મ, અધ્યા. ૪૩, ૩૭ થી ૩૯, ૪૪ ૫૩. મહા. વિરાટ, અધ્યા. ૫૨. ૧૫
૫૪. મહા. સૌપ્તિક., અધ્યા. ૮. ૨૨ થી ૪૦ ૫૫. એજન, અધ્યા. ૮. ૧૯, ૨૭
૫૬. એજન, અધ્યા. ૮. ૬૬, ૬૭. ૫૭. એજન, અધ્યા. ૮. ૧૦૫ ½ ૫૮. એજન, અધ્યા. ૫. ૫
૫૯. એજન, અધ્યા. ૨. ૨૬ થી ૩૫ ૬૦ એજન, અધ્યા. ૩. ૨૨.૨૬ ૬૧. મહા. કર્ણ., અધ્યા. ૬૧. ૨૨,૨૩
૬૨. એજન, અધ્યા. ૯૧.૫૦ ૬૩. મહા. શલ્ય., અધ્યા. ૩૨. ૨ થી ૧૬. ૬૪. મહા. શલ્ય., અધ્યા. ૫૭–૪૭
૬૫. એજન, અધ્યા. ૬૦, ૩ થી ૧૦ ૬૬. એજન, અધ્યા. ૫૯–૧૫
૬૭ ઉરુભંગ, પૃ. ૨૪, ૨૫ (ભાસ); શલ્ય., અધ્યા. ૫૮. ૨૧ ૬૮. મહા. દ્રોણ., અધ્યા. ૧૮૯. ૧૧,૧૨
૬૯. મહા. શલ્ય., અધ્યા. ૬૦, ૪ ૭૦. એજન, અધ્યા. ૬૦. ૯–૧૯ ½
૭૧. મહા. કર્ણ., અધ્યા. ૯૧. ૧ થી ૧૪ ૭૨. એજન. ૭૩. મહા. શલ્ય., અધ્યા. ૬૧. ૩૯ થી ૪૯ ½
૭૪ મહા. વિરાટ., અધ્યા. ૫૦. ૧ થી ૨૮ ૭૫. મહા. ભીષ્મ., અધ્યા. ૪૩. ૮૩, ૫૬, ૬૦, ૭૧, ૭૨
૭૬. એજન, ૭૭. એજન, અધ્યા. ૧૦૭.૮૦ થી ૮૫ ૭૮. એજન, ૭૯. એજન, અધ્યા. ૧૦૭.૭૭-૭૯
૮૦. મહા. દ્રોણ., અધ્યા. ૭–૩ ૮૧. મહા. ભીષ્મ., અધ્યા. ૪૩. ૮૬, ૮૭ ૮૨. મહા. સ્ત્રી., અધ્યા. ૨.૧૬
૮૩. મહા. શલ્ય., અધ્યા. ૬૦–૧૩ ૮૪. એજન, અધ્યા. ૬૦, ૧૪ થી ૧૯
૮૫ એજન, અધ્યા. ૬૧. ૬૧ થી ૬૮ ૮૬ એજન, અધ્યા. ૬૦. ૨૩ ૮૭. એજન, અધ્યા. ૬૦. ૨૫
૮૮. એજન, અધ્યા. ૬૦–૪૦ ૮૯. મહા. ભીષ્મ., અધ્યા. ૧૧૯–૬૮ ½ ૯૦ મહા. દ્રોણ., અધ્યા. ૧૪૨.૭૧
૯૧. મહા. ભીષ્મ., અધ્યા. ૧. ૩૦, ૩૧ મનુ., અધ્યા. ૭. ૯૦ થી ૯૩ ૯૨. મહા. સૌપ્તિક., અધ્યા. ૮. ૧૨૫
૯૩. મહા. દ્રોણ., અધ્યા. ૧૪૨. ૭૨ ૯૪. એજન, અધ્યા. ૧૮૯. ૧૧, ૧૨
૯૫. મહા. સ્ત્રી., અધ્યા. ૧૪. ૧૯, ૨૦ ૯૬. એજન, અધ્યા. ૧૪.૨ ૯૭. એજન, અધ્યા. ૧૪–૯
૯૮. મહા. દ્રોણ., અધ્યા. ૧.૦. ૩૦, ૪૦ ૯૯. એજન, અધ્યા. ૧૭૯. ૪૧
૧૦૦. એજન, અધ્યા., ૧૮૪, ૨૬ થી ૫૬ ૧૦૧. એજન, અધ્યા. ૨૯. ૧૮, ૨૧ થી ૨૩, ૩૭
૧૦૨ મહા. શલ્ય., અધ્યા. ૬૧. ૩૯ થી ૫૦



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આયના મહેલ : અમૂલ્ય સંગ્રહાલય

[કચ્છ-ભૂજનું]

શ્રી. પ્રમોદ જેઠી

કચ્છના છેલ્લા રાજવી મહારાવશ્રી મદનસિંહજીએ કચ્છની સંસ્કૃતિના વારસા-સમા ૩૫૦ વર્ષ જૂના આયના મહેલને ૧ લી જાન્યુ., ૧૯૭૭ના દિવસે પ્રજાને ચરણે ધર્યો અને આમ 'આયના મહેલ ટ્રસ્ટ'ની સ્થાપના થઈ. આ ટ્રસ્ટ આયના મહેલના મ્યુઝિયમમાં દિવસે દિવસે વધારો કર્યે જાય છે. ૧ લી જાન્યુ., ૧૯૭૯ માં 'મદનસિંહજી મ્યુઝિયમ,' ૧૯૮૨ માં 'કલા-અટારી,' ૧૯૮૯ માં પિક્ચર ગેલેરી, '૧૯૯૦ માં 'પ્રવાસી માહિતી કેંદ્ર' તેમજ 'કચ્છી સિક્કા' 'ભરતકામ-સંગ્રહ વિભાગ'વગેરે વિભાગોનો વધારો કર્યો છે.

આ મ્યુઝિયમ છેલ્લાં બે વર્ષથી કચ્છની મૃતપ્રાય અવસ્થામાં પડેલી કલાને જીવંત કરવા કોશિશ કરી રહ્યું છે. કમાગરી પેન્ટિંગ, માટીકામ કલા, મશરૂવણાટ અને ત્રાંબાની ઘંટડીનું કામ જેવી કલાને પ્રોત્સાહન આપવા માટે મ્યુઝિયમના સ્થાપનાદિ પ્રસંગે જાન્યુઆરી માસમાં કચ્છના કલાકારોને નિમંત્રિત કરી, એમને વિના મૂલ્યે સ્ટૉલ આપી કલાનું નિદર્શન તેમજ વેચાણ કરવાની સગવડ પૂરી પાડવામાં આવે છે. આ ઉપરાંત કચ્છના કલાકારો પેન્ટર, ફોટોગ્રાફર, સાહસિક જુવાનો તેમજ અંગત સંગ્રહ કરનારાઓ પોતાની કલાને પ્રજા સમક્ષ રજૂ કરી શકે એ માટે એઓને વિના મૂલ્યે ગેલેરી આપવામાં આવે છે અને આમ કચ્છના કલાકારો અને હસ્તકલાના કારીગરો પોતાની કલા બજારમાં રાખી શકે એવુ માધ્યમ આ મ્યુઝિયમ દ્વારા પૂરું પાડવામાં આવે છે. મ્યુઝિયમની આ પ્રવૃત્તિથી પ્રજાને સંતોષ થયો છે. જે નવોદિત કલાકારો છે તેઓને માટે આયના મહેલ આશીર્વાદરૂપ સાબિત થયેલો છે. મ્યુઝિયમમાં દરેકને રસ પડે અને વધુ અભ્યાસ થઈ શકે એ માટે કચ્છના વિદ્યાર્થીઓની ચિત્રસ્પર્ધા, ફોટોગ્રાફી-સ્પર્ધા, રેકૉર્ડ-સ્પર્ધા જેવાં આયોજન પણ કરવામાં આવે છે, ઈનામો તથા સર્ટિફિકેટ પણ 'આયના મહેલ ટ્રસ્ટ' તરફથી આપવામાં આવે છે. આમ આ મ્યુઝિયમ હવે સંગ્રહાલય જ નહિ રહેતાં દરેકના જીવનનો એક હિસ્સો બની રહ્યું છે. ચાલુ સાલે આ મ્યુઝિયમમાં ૫ કલાકારો અને હસ્તકલાના ૧૦ કારીગરોએ ભાગ લીધેલો હતો.

નોંધવા જેવું છે કે ૧૪ વર્ષમાં આયના મહેલની ૯,૭૨,૪૦૨ પ્રવાસીઓએ મુલાકાત લીધેલી છે.

ઠે. આયના મહેલ, ભૂજ-૩૭૦૦૦૧

---


સ્થાપના : તા. ૧૧-૧૦-૨૭ ફોન : ૫૫૩૨૯૧/૫૫૮૩૫૦

**ધી બરોડા સીટી કો-ઓપરેટિવ બેન્ક, લિ.**

રજિ. ઑફિસ : સંસ્થાવસાહત, રાવપુરા, વડોદરા-૩૯૦૦૦૧

શાખાઓ : ૧. સરદારભવન, જ્યુબિલી બાગ પાસે, ટે. નં. ૫૪૧૮૨૪
૨. પથ્થરગેટ પાસે, ટે. નં. ૫૪૧૯૩૧
૩. ફતેગંજ, ચર્ચની સામે, ટે. નં. ૩૨૯૩૬૪
૬. સરદાર છાત્રાલય, કારેલીબાગ, ટે. નં. ૬૪૮૧૨
૫. ગોરવા શાખા, જકાતનાકા પાસે, વડોદરા, ટે. નં. ૩૨૮૩૪૯

દરેક પ્રકારનું બેન્કિંગ કામકાજ કરવામાં આવે છે.

મૅનેજર : કાંતિભાઈ ડી. પટેલ મંત્રી : ચંદ્રકાંતભાઈ ચુ. પટેલ

પ્રમુખ : હીરાભાઈ પટેલ




For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# માલપુર રાજ્ય પ્રજામંડળની સ્થાપના*

[એનાં કાર્યોનો વિશ્લેષણાત્મક અભ્યાસ]

ડૉ. મહેશચંદ્ર પંડ્યા

સ્વાતંત્ર્ય ઝંખતી ભારતવર્ષની ૩૫ કરોડની વસ્તીમાંથી લગભગ ૪ થા ભાગની વસ્તી, ૫૨૨ સંસ્થાનોના રાજાઓ નવાબો કે ઠાકોરોના આપખુદ શાસન હેઠળ રિબાતી હતી.[૧] (જોકે વડોદરા જેવાં કેટલાંક રાજ્યોની પ્રજા એમાંથી અપવાદરૂપ હતી.) ઈ. સ. ૧૯૨૪ માં સમગ્ર ગુજરાતમાં ૩૩૬ સંસ્થાનો વિસ્તરેલાં હતાં. મહીકાંઠા એજન્સીમાં ૧૮૮૫–૮૬ દરમ્યાન ૬૪ સંસ્થાનો,[૨] ૧૯૨૨માં ૫૧ સંસ્થાનો[૩] અને ૧૯૪૯ માં મહીકાંઠા એજન્સીમાંથી સાબરકાંઠા જિલ્લો અસ્તિત્વમાં આવ્યો ત્યારે એમાં વિલિનીકરણ પામેલાં ૨૯ સંસ્થાનો જોડાયાં હતાં.[૪] અન્ય સંસ્થાનોની જેમ સાબરકાંઠાનાં સંસ્થાનો પણ બ્રિટિશ સરકારના સર્વોચ્ચપણા હેઠળ હતાં. બ્રિટિશ સરકારની નીતિ અનુસાર સાબરકાંઠાનાં સંસ્થાનોના વહીવટ પર દેખરેખ રાખવા પોલિટિકલ એજન્ટ નીમવામાં આવતો અને મહીકાંઠા એજન્સીના મુખ્ય મથક સાદરામાં રહીને સંસ્થાનોના વહીવટ પર દેખરેખ રાખતો હતો.

સાબરકાંઠાનાં ૨૯ સંસ્થાનો પૈકી ઈડર સંસ્થાન સૌથી મોટું અને પ્રથમ વર્ગનું સંસ્થાન હતું, જ્યારે માલપુર ૯૭ ચો. મા. વિસ્તારમાં વિસ્તરેલું ૧૧૭૬૭ ની વસ્તી ધરાવતું ત્રીજા વર્ગનું સંસ્થાન હતું.[૫]

પંચમહાલ અને ખેડા જિલ્લાની અડોઅડ આવેલા માલપુર રાજ્યમાં ગંભીરસિંહજી રાઓલજીનું એકહથ્થુ શાસન ચાલતું હતું. એણે માલપુર રાજ્યની પ્રજા પર પશુવેરો ચાંલ્લાવેરો જેવા અસહ્ય કરવેરા નાખ્યા હતા. રાજ્યમાં અમાનુષી વેઠની પ્રથા પણ પ્રચલિત હતી. એ પ્રથામાં રાજ્યની તમામ જ્ઞાતિઓ પિસાતી હતી. ખેડૂતો પણ એ પ્રથામાંથી મુક્ત ન હતા તેથી માલપુર રાજ્યની પ્રજાએ ઈડર પ્રજાકીય મંડળના અગ્રણી મથુરાદાસ ગાંધીના માર્ગદર્શન હેઠળ રાજાશાહીની વ્યથાઓમાંથી મુક્ત થવા તા. ૧૩–૩–૧૯૪૬ ના રોજ નટુભાઈ શેઠના પ્રમુખપદે "માલપુર રાજ્ય પ્રજામંડળ"ની સ્થાપના કરીને રાજ્ય તરફથી આચરવામાં આવતા અન્યાયો સામે લડતનો પ્રારંભ કર્યો.[૬] આ પ્રજામંડળને નટુભાઈ શેઠ ઉપરાંત જેઠાલાલ ગોર (ઉપપ્રમુખ), ચંદુલાલ શિવરામ શાહ (મંત્રી), રામશંકર ઉપાધ્યાય, હરગોવિંદ મહેતા, મણિલાલ શિવલાલ શેઠ, સાયબાજી ભાટ, વલ્લભભાઈ દેસાઈ વગેરે અગ્રણીઓએ મહત્ત્વની સેવાઓ આપી હતી. માલપુર રાજ્ય પ્રજામંડળની સ્થાપના થવાથી ગંભીરસિંહજી ચોંકી ઊઠ્યા હતા તેથી એનો સામનો કરવા માટે એમણે એમના મળતિયા હરિશંકર હરગોવિંદ જોશીને વિશ્વાસમાં લઈને "માલપુર રાજ્ય પ્રજામંડળ" સામે રાજાને વફાદાર "પ્રજામંડળ"ની સ્થાપના કરીને "આગલા દ્વારા શાસન"ની નીતિ અમલમાં મૂકી હતી.[૭] નોંધવા જેવી બાબત તો એ છે કે હરિશંકર હરગોવિંદ જોશી (ઉભરાણ) શરૂઆતમાં "માલપુર રાજ્ય પ્રજામંડળ"માં સક્રિય રસ લઈ કામ કરતા હતા એમ છતાં એમણે રાજાના પ્રલોભનથી રાજાને વફાદાર પ્રજામંડળ સ્થાપ્યું હતું અને એ રીતે પ્રજાનો ભારે દ્રોહ કર્યો હતો, પરંતુ રાજાને વફાદાર પ્રજામંડળને માલપુર રાજ્યની પ્રજાનો જરા પણ સાથ-સહકાર પ્રાપ્ત થયો નહોતો તેથી થોડા જ સમયમાં એ પ્રજામંડળનો અંત આવી ગયો હતો.

"માલપુર રાજ્ય પ્રજામંડળે" અનેક વિઘ્નો વચ્ચે પણ ગંભીરસિંહજીના અન્યાયી વહીવટ સામે કામગીરી આરંભી હતી. માલપુર રાજ્યમાં પ્રચલિત અમાનુષી વેઠની પ્રથા સામે તથા પ્રજા પર

---

*તા. ૧૬ થી ૧૮ ફેબ્રુઆરી, ૧૯૯૧ દરમ્યાન, આણંદ આર્ટ્સ કૉલેજ, આણંદ ખાતે યોજાયેલ ગુજરાત ઇતિહાસ પરિષદના ૧૬ મા અધિવેશનમાં વંચાયેલો નિબંધ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નાખવામાં આવેલા અસહ્ય કરવેરા સામે જોરદાર લડત ચલાવી હતી એમ છતાં રાજાએ એને જરા પણ મચક આપી નહોતી તેથી પ્રજા ત્રાસી ગઈ હતી. એ ત્રાસમાંથી પ્રજાને મુક્ત કરવા માટે "માલપુર રાજ્ય પ્રજામંડળે" મોડાસા તાલુકાના માથાસૂળિયા ગામે જમીન રાખીને માલપુર શહેરની પ્રજાને હિજરત કરવા તૈયાર કરી હતી. છેવટે ગંભીરસિંહજીને એની ગંભીરતા સમજાતાં એને પ્રજામંડળ સાથે સમાધાન કરવું પડયું હતું તેથી માલપુર શહેરની પ્રજાએ હિજરત કરવાનું મોકૂફ રાખ્યું હતું. આમ "માલપુર રાજ્ય પ્રજામંડળ" સમક્ષ ગંભીરસિંહજીને નમતું જોખવું પડ્યું હતું. "માલપુર પ્રજામંડળ"ની એ નોંધપાત્ર સિદ્ધિ હતી.

ઈ. સ ૧૯૪૭ની ૧૫મી ઑગસ્ટે દેશ આઝાદ થયો એ પછી પણ ગંભીરસિંહજી માલપુર રાજ્યની સત્તા છોડવા તૈયાર ન હતા. માલપુર રાજ્યને મુંબઈ પ્રાંત સાથે જોડવા માટે પણ એઓ તૈયાર ન હતા તેથી "માલપુર રાજ્ય પ્રજામંડળે" તા. ૧૪-૧-૧૯૪૮ના રોજ માલપુર રાજ્યને મુંબઈ પ્રાંત સાથે જોડવા તથા વચગાળાની જોગવાઈ તરીકે વહીવટી સમિતિ રચવા ઠરાવ કર્યો હતો[૭] અને ગંભીરસિંહજીને એ મોકલ્યો હતો. ગંભીરસિંહજી ભારતભરનાં સંસ્થાનોમાં અને સાબરકાંઠાના ઈડર રાજ્યમાં ચાલતી પ્રજાકીય મંડળોની લડતોથી વાકેફ હતા તેથી એમણે પરિસ્થિતિને સાનુકૂળ બનીને તા. ૨૫-૧-૧૯૪૮ના રોજ જાહેરનામું નં. ૬૧ બહાર પાડીને જણાવ્યું હતું કે "માલપુર રાજ્ય, લોકશાહી ધોરણે રચાયેલા કોઈ એકમનું અંગ બને એમાં જ રાજ્યનું હિત છે તેથી એ અંગે પ્રજા જે નિર્ણય કરે તેમાં અમે સહમત છીએ."[૮]

એ જાહેરનામામાં પ્રજામંડળની માગણી અનુસાર વચગાળાની જોગવાઈ તરીકે "વહીવટી સમિતિ"ની રચના અંગે પણ જાહેરાત કરવામાં આવી હતી. એ જાહેરાત પ્રમાણે ૧. બે હજારની વસ્તીએ એક પ્રતિનિધિ ચૂંટવો, ૨. ચૂંટણી પુખ્તવય મતાધિકારના ધોરણે કરવી, ૩. કુલ ચૂંટાયેલા ૯ પ્રતિનિધિઓની "વહીવટી સમિતિ" ટૂંકમાં અસ્તિત્વમાં આવશે, ૪. એના પ્રમુખ તરીકેની કામગીરી રાજ્યના દીવાન સંભાળશે, ૫ વહીવટી સમિતિ દીવાનના પ્રમુખપદે કામગીરી કરશે અને બહુમતીને ધોરણે વહીવટ ચલાવશે વગેરે બાબતો જાહેર કરવામાં આવી હતી. એ જાહેરનામામાં "વહીવટી સમિતિ"ની ચૂંટણી થાય એ દરમ્યાન વચગાળાની વ્યવસ્થા માટે તાત્કાલિક ધોરણે ૧૧ સભ્યોની "વહીવટી સમિતિ"ની નિમણૂક જાહેર કરવામાં આવી હતી અને એ ૧૧ સભ્યોનાં નામો પણ પ્રસિદ્ધ કરવામાં આવ્યાં હતાં.[૯] "માલપુર રાજ્ય પ્રજામંડળ"ની આ પણ નોંધપાત્ર સિદ્ધિ હતી.

તા. ૧-૨-૧૯૪૮ થી એ "વહીવટી સમિતિ"એ માલપુર રાજ્યના વહીવટનું કાર્ય સંભાળી લીધું હતું. એની પ્રથમ બેઠક તા. ૫-૨-૧૯૪૮ના રોજ મળી હતી. એ બેઠકમાં હાજર રહીને ગંભીરસિંહજીએ સમિતિના વહીવટમાં દખલગીરી ન કરવાની ખાતરી આપી હતી, તો બીજી બાજુ સમિતિના સભ્યોએ પણ સમિતિના સભ્યોમાં પ્રજાજનોનો વિશ્વાસ ટકી રહે ત્યાંસુધી સમિતિમાં ચાલુ રહેવાની પ્રતિજ્ઞા લીધા હતી. સમિતિએ એના વહીવટ દરમ્યાન રાજ્યમાં પ્રચલિત અવાસ્તવિક કર, મીઠા પરની જકાત વગેરે નાબૂદ કર્યાં હતાં. રાજાને રાજ્યની કુલ આવકના ૨૫% સાલિયાણા પેટે આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આમ સમિતિનો વહીવટ વ્યવસ્થિત રીતે ચાલવા લાગ્યો હતો[૧૦] તેથી માલપુર રાજ્યનાં પ્રજાજનોને પણ સંતોષ થયો હતો, પરંતુ રાજા અને એમના મળતિયાઓથી એ સહન થતું ન હતું તેથી એમણે સમિતિના વહીવટમાં અંતરાયો ઊભા કરવાના પ્રયત્નો શરૂ કર્યા. વહીવટી સમિતિએ તા. ૧૩-૨-૧૯૪૮ના રોજ રાજ્યનું અંદાજપત્ર તૈયાર કરીને મંજૂરી માટે રાજા પાસે મોકલ્યું, પરંતુ તા. ૧૮-૨-૪૮ સુધી એ પાછું આવ્યું ન હતું તેથી સમિતિનું વહીવટી કામ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુશ્કેલ બન્યું હતું, તો બીજી બાજુ રાજ્યના દીવાને વહીવટી સમિતિને વિખેરી નાખવા જોર પ્રયત્નો શરૂ કર્યાં હતા. એમણે ખેમાભાઈ રુમાલભાઈ ખાંટ અને કેશવલાલ ખેમચંદ શાહને સમિતિ સભ્યપદેથી રાજીનામું આપી દેવા દબાણ કર્યું હતું, પરંતુ એ બંને સભ્યોએ જરા પણ મચક આપ નહોતી. એ પછી રાજાના વિશ્વાસુ ગણાતા સમિતિના સભ્યો કાલિદાસ કોહ્યાલાલ પટેલ, ભગવાનભાઈ નાથીભાઈ પટેલ અને નાથાભાઈ જેસંગભાઈ પટેલ પર રગ વાપરીને એમની પાસેથી રાજીનામાં લખાવી લેવા ભારે દબાણે કર્યું હતું એમ છતાં એમણે પણ મચક આપી નહોતી.[11] પરિણામે સમિતિના વિસર્જન અંગેના દીવાનના તમામ પ્રયત્નો નિષ્ફળ ગયા હતા, છેવટે દીવાને વહીવટી સમિતિ નિયુક્ત હતી તેથી પોતાની સત્તા વાપરીને તા. ૨૦–૨–૧૯૪૮ ના રોજ એનું વિસર્જન કરી નાખ્યું હતું.[12]

માલપુર રાજ્યના મુંબઈ પ્રાંત સાથેના જોડાણ પૂર્વે માલપુરના રાજાએ વહીવટી સમિતિનું વિસર્જન કર્યાની ગેરકાયદેસર જાહેરાત કરી તેથી "માલપુર રાજ્ય પ્રજામંડળ"ના પ્રમુખે પ્રાદેશિક કમિશ્નર-રાજકોટને રાજાએ ગેરકાયદેસર કરેલા કમિટીના વિસર્જનની જાહેરાતને પાછી ખેંચી લે એ અંગે ઘટતુ કરવા વિનંતી કરી હતી અને માલપુર રાજ્યમાં સત્વરે સ્ટેટ ડિપાર્ટમેન્ટ વહીવટ સંભાળી લે એ માટે વ્યવસ્થા કરવા પણ વિનંતી કરી હતી.[13]

"માલપુર રાજ્ય પ્રજામંડળ"ની એ પ્રવૃત્તિને નિષ્ફળ બનાવવા માટે માલપુરના રાજા ગંભીરસિંહજી, પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ હિંમતસિંહજી તથા દીવાને ઠાકરડાઓ તથા ભીલોને ઉશ્કેરીને માલપુરમાં તોફાનો શરૂ કરાવવા પ્રયત્નો કર્યા. પરિણામે તા. ૧૭–૨–'૪૮ ની રાત્રે ગંભીરપુરના નાગજીભાઈ પટેલની આગેવાની હેઠળ ઠાકરડાઓ અને ભીલોનું હથિયારધારી એક ટોળું માલપુર શહેરમાં ફર્યું હતું તેથી માલપુરની પ્રજા ફફડી ઉઠી હતી, પરંતુ સદ્‌ભાગ્યે કોઈ અનિચ્છનીય બનાવ બન્યો નહોતો. "વહીવટી સમિતિ"ના ઉપપ્રમુખ મણિલાલ મહેતાએ બનાવની ચર્ચા માટે રાજાની મુલાકાત માગી હતી, પરંતુ રાજાએ એનો પ્રત્યુત્તર પણ પાઠવ્યો નહોતો. છેવટે મણિલાલ મહેતાએ નિવેદન-પત્રિકા છપાવીને એ દ્વારા રાજા તરફથી પ્રજા-પીડનના કરવામાં આવતા પ્રયત્નોને વખોડી કાઢયા હતા, એમ છતાં એ પછી પણ રાજ્ય તરફથી "માલપુર રાજ્ય પ્રજામંડળ"ના કાર્યકરોને ધાક-ધમકી આપવાનું કાર્ય ચાલુ જ રહ્યું હતું.[14]

માલપુર રાજ્ય તરફથી પ્રજાને થતી સતામણી અંગે કમિશ્નર તથા રાજકોટના પ્રાદેશિક કમિશ્નરનું ધ્યાન દોર્યું હતું અને એ અંગે સત્વરે ઘટતું કરવા વિનંતી કરી હતી. પરિણામે તા. ૭, ૮ મે, ૧૯૪૮ ના રોજ નાનાભાઈ ચોકસીની આગેવાની હેઠળ નિમાયેલું એક તપાસ કમિશન માલપુર આવ્યું હતું. કમિશને રાજ્યનું રેકર્ડ તપાસ્યું હતું એનાથી કમિશનને "માલપુર રાજ્ય પ્રજા મંડળ"ની ફરિયાદ સાચી લાગી હતી તેથી કમિશને રાજાને પ્રજામંડળની ફરિયાદો સત્વરે દૂર કરવા, માલપુર રાજ્યને મુંબઈ પ્રાંત સાથે જોડી દેવા તથા વચગાળાની વ્યવસ્થા સ્ટેટ ડિપાર્ટમેન્ટને સોંપવા જણાવ્યું હતું. ગંભીરસિંહજીએ તપાસ કમિશનનાં એ સૂચનો સ્વીકાર્યાં હતાં અને તપાસ કમિશનના અહેવાલ પર સહી કરી હતી.[15] પરિણામે "માલપુર રાજ્ય પ્રજામંડળ" અને ગંભીરસિંહજી વચ્ચે કામચલાઉ ધોરણે સમાધાન થયું હતું, પરંતુ એ સમાધાન દેખાવ પૂરતું જ હતું, કારણ કે એ પછી પણ માલપુર રાજ્યના દીવાન સત્તા પર ટકી રહેવા માટે એમના પાસા ફેંકતા જ રહ્યા હતા. દીવાને નાનાવાડા ગામે જઈને "રાજા દીવાન અને પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ પ્રજાના હિતેચ્છુઓ છે તેથી એઓ માલપુર રાજ્યમાં કાયમ સત્તા પર રહેવા જોઈએ" વગેરે પ્રકારનાં લખાણો પર લોકોની સહીઓ લઈને એ પત્ર ઉપ્યુ. કમિશ્નર-વડોદરાને મોકલી આપ્યો હતો તેથી પ્રજાએ દીવાનને માનસહિત માલપુર રાજ્ય છોડી



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જવા અથવા અપમાનિત થઈને ગાંસડા-પોટલાં બાંધવાની ચીમકી આપી હતી[16] આમ છેવટ સુધી રાજા દીવાન અને પોલીસ સુપરિન્ટેન્ડન્ટે સત્તા પર ચીટકી રહેવાના તમામ પ્રયત્નો ચાલુ રાખ્યા હતા, પરંતુ એમાં એઓ કામયાબ નીવડયા નહોતા. આ સમય દરમ્યાન, સાબરકાંઠાનું વસ્તી અને વિસ્તારની દૃષ્ટિએ સૌથી મોટું અને પ્રથમ વર્ગનું સંસ્થાન ઇડર મુંબઈ પ્રાંત સાથે જોડાઈ ગયું હતું તેથી માલપુર રાજ્ય માટે પણ અન્ય કોઈ વિકલ્પ બાકી રહ્યો નહોતો. પરિણામે તા. ૧૦-૬-૧૯૪૮ ના રોજ માલપુર સંસ્થાન પણ મુંબઈ પ્રાંત સાથે જોડાઈ ગયું હતું.[17] પ્રજામંડળ"ની આ પરમ સિદ્ધિ હતી.

ટૂંકમાં, તા. ૧૩-૩-૧૯૪૬ ના રોજ અસ્તિત્વમાં આવેલું "માલપુર રાજ્ય પ્રજામંડળ" ૨ વર્ષ, ૨ માસ અને ૧૭ દિવસ સુધી માલપુર રાજ્યના રાજા દીવાન અને પોલીસ સુપરિન્ટેન્ડન્ટ તથા રાજાના મળતિયાઓ સામે મક્કમતાપૂર્વક ઝઝૂમીને માલપુરની પ્રજાને પ્રજાકીય શાસન અપાવવામાં સફળ રહ્યું હતું.

ઠે. ઇતિહાસ વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ-૩૬૦૦૦૫

## પાદટીપ

૧ હિતેંદ્ર કનૈયાલાલ દેસાઈ (પ્રકાશક), દેશી રાજ્યો, ગોપીપુરા, સુરત, પૃ. ૨

૨ રાજગોર એસ. બી (સંપાદક), ગેઝેટિયર ઑફ ઇન્ડિયા, ગુજરાત સ્ટેટ, સાબરકાંઠા ડિસ્ટ્રિક્ટ, અમદાવાદ, ૧૯૭૪ પૃ. ૧૫૫

૩ ખાનબહાદુર ફરામરોજ સોરાબજી માસ્ટર, મહીકાંઠા ડિરેક્ટરી, પૃ. ૧; રાજકોટ, ૧૯૨૨, પૃ. ૧૧૬

૪ પાદનોંધ. ૨ પ્રમાણે પૃ. ૧

૫ પાદનોંધ ૩ પ્રમાણે

૬ ડૉ. મહેશચંદ્ર પંડ્યા, ભારતીય સ્વાતંત્ર્યસંગ્રામમાં સાબરકાંઠાનું પ્રદાન (પીએચ.ડી પદવી માટે ગુજરાત વિદ્યાપીઠે માન્ય કરેલો શોધપ્રબંધ અપ્રગટ), ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, પૃ. ૩૨૬

૬-અ જેઠાલાલ વસતારામ ગોર(માલપુર)ની મુલાકાત.

૭ માલપુર પ્રજામંડળની ફાઈલ, પૃ. ૮

૮ હજૂર ઑફિસ-માલપુરની જાહેરનામા તથા સરક્યુલરની ફાઈલ, કોર્ટ ઑફ ધી મહારાઓલજી, માલપુર સ્ટેટ તરફથી બહાર પાડેલું જા. નં. ૬૧. ૧૯૪૮, તા. ૨૫-૧-૧૯૪૮ ને આધારે

૯ એજન. વહીવટી સમિતિના સભ્યોનાં નામ (૧) સજ્જનસિંહ ઠાકોર (ગોવિંદપુર) (૨) મણિલાલ શિવલાલ શેઠ (માલપુર) (૩) જેઠાલાલ વસતારામ ગોર(ઉભરાણ) (૪) ચંદુલાલ શિવલાલ શાહ (સાતરડા) (૫) કાલિદાસ કોહ્યારામ પટેલ (માલપુર) (૬) ભગવાન નાથા પટેલ (જેસંગપુર) (૭) નાથા જેસંગ પટેલ (નાનાવાડા) (૮) કાલિદાસ ધરમદાસ પટેલ (ઉભરાણ) (૯) કેશવલાલ ખેમચંદ શાહ (સાતરડા) (૧૦) ખેમા રૂપાલ ભાટ (નાથાવાસ) (૧૧) નામ જાહેરનામાની નકલમાં છપાયું નથી.

૧૦ પ્રાદેશિક કમિશનર રાજકોટ ને માલપુર પ્રજામંડળની ફાઇલ, પૃ. ૧

૧૧ એજન, પૃ. ૮

૧૨ ડેપ્યુ. પ્રાદેશિક કમિશનર-વડોદરાને માલપુર રાજ્ય પ્રજામંડળનો તા. ૨૮-૨-૧૯૪૮ નો પત્ર, રાજ્ય પ્રજામંડળની ફાઈલ, પૃ. ૧

૧૩ એજન પૃ. ૯

૧૪ માલપુર રાજ્ય પ્રજામંડળના મુંબઈમાં તા ૧૫-૩-૧૯૪૮ ના રોજ થયેલા નિવેદનને આધારે, માલપુર રાજ્ય પ્રજામંડળ, ફાઈલ, પૃ. ૧૫

૧૫ "ચીનગારી" માલપુર રાજ્ય પ્રજામંડળને મદદ કરવા મુંબઈમાં શામળદાસ પાનાચંદ શાહના પ્રયત્નોથી ચાલતું મુખપત્ર, તંત્રી રમણલાલ ચુનીલાલ, ધૂંવાડ, ૧૯૪૯, પૃ. ૧-૨

૧૬ એજન પૃ.૨

૧૭ પાદનોંધ ૬ પ્રમાણે, પૃ. ૩૩૧



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શામળાજી ઐતિહાસિક રૂપરેખા*

ડૉ. ર. ના. મહેતા

વિસનગર તાલુકાનું પોતાનું નામ સાર્થક કરતું ગામ શામળાજી રૂપેણ નદીના ઉત્તર કિનારા પરનું પૂર્વ પશ્ચિમ નદીને મળતા પાણીના વહેળાની વચ્ચે વસેલું નાનું ગામ છે. એની હાલની રચના જોતાં એનું કેંદ્ર રાજગઢી હોવાનું લાગે છે. આ હાલની પરિસ્થિતિ વિકસી એ પહેલાં એનું કેંદ્ર બીજું હોવાનું અનુમાન ત્યાંની કુમારશાળા અને ખંભલાઈ કે ખેમલાઈના ટીંબામાંથી મળેલા ક્ષત્રપ દામસેનના સિક્કા પરથી થાય છે તેથી એના પરથી ગામનો વિકાસનાં પુરાવસ્તુ વિદ્યાની નજરે બે કેંદ્રો દેખાય છે.

એનું પ્રથમ કેંદ્ર ક્ષત્રપયુગમાં કે ત્યાર પછી થોડા વખતમાં વિકસ્યું લાગે છે. એના આ વખતના અવશેષોમાં માત્ર સિક્કાઓ રહ્યા છે અને એની વધુ વિગત મળતી નથી, પરંતુ એ યુગ પછી વિકસેલા પુરાવસ્તુના ટીંબાઓમાં તૂંબડિયાનો ટીંબો ગણાય, તેથી શામળાજી એ ક્ષત્રપકાલીન અને ત્યારબાદ ઘણો વખત ખાંભલાઈના ટીંબા, તૂંબડિયાના ટીંબા અને ટેબાવાળાના માઢના વિસ્તારમાં મર્યાદિત વસ્તીવાળું અને એની આજુબાજુમાં દેવસ્થાનોવાળું ગામ હતું એનો અનુભવ અવારનવાર આ વિસ્તારમાંથી મળતા પુરાવસ્તુના અવશેષોથી મળે છે.

આ પુરાવસ્તુઓની મદદથી શામળાજી ગામમાં જૈન વસ્તી હોવાનાં એંધાણ રાજગઢીના ટીંબામાંથી મળે છે. આ ભમતીવાળા દેરાસરનો પ્રકાર જોતાં એ બાવન જિનાલય હોવાના અનુમાનને પુષ્ટ કરે છે તેથી આ દેરાસર બંધાયું ત્યારે ગામના કેંદ્રમાં હોવાનો સંભવ લાગતો નથી. સામાન્યતઃ જૈન પરંપરામાં બાવન જિનાલયની રચના ગામને સીમાડે કે ભાગોળે થતી હોય છે તેથી શામળાજી ગામની આશરે અગિયારમી સદીની વિચારણા કરતાં એ રાજગઢી ટેબાવાળામાં તૂંબડિયાટીંબા અને ખાંભલાઈ-ટીંબાના વિભાગમાં વિકસેલું હોવાનું લાગે છે.

શામળાજીમાં આ ગામનાં કેંદ્રોમાં ફેરફાર થઈને, રાજગઢીનો વિસ્તાર ધર્મસ્થાન મટીને રાજગઢીના રાજકારોબારના ક્ષેત્રમાં કેવી રીતે પલટાયો એની રસપ્રદ વિગતો એ ટેકરાએ સાચવી છે.

આ વિગતોની રૂપરેખા શામળાજી ગ્રામપંચાયતે કરેલા ખોદકામના ખાડાના અવલોકનથી સ્પષ્ટ થાય છે. અહીં પશ્ચિમ તરફની બજારનો વિસ્તાર વધારવા માટે રાજગઢીના ટીંબાની બાજુ સાફ કરી એનાથી જે વિગતો મળી છે તે તપાસવાથી અહીંની પરિસ્થિતિ સમજાય છે.

રાજગઢીના ટીંબા નીચેના દિગંબર દેરાસરની ભમતીની નીચેની બારા પથ્થરોની જગતી, એની પર પીઠ અને મંડોવરથી છાદ્ય સુધીના ભાગો અદ્યાપિ મળતા જૂના અવશેષો છે. એની નીચેની ખરશિલા જોતાં મંદિર બંધાયું ત્યારની જમીન આજના રસ્તાની સપાટીએ હોવાનું અંદાજી શકાય.

આ દેરાસર આશરે ચૌદમી સદી સુધી ટક્યું હતું અને ત્યારબાદ આ જગ્યાનો ઉપયોગ બદલાયો. ચારે બાજુ ભમતીને લીધે સારું રક્ષણ આપી શકે એવા આ સ્થાનને ચૌદમી સદી પછી આવેલા નવા રાજ્યકર્તાઓએ કેટલીક તોડફોડ કરીને નાના દુર્ગ કે કિલ્લાનું સ્વરૂપ આપ્યું, મંદિરના ભાગોમાં તોડફોડ કરી અને એની ઉપર એમણે જે કિલ્લાની ભીંત તૈયાર કરી તેના બૂરજો સ્પષ્ટ દેખાય છે. એ બૂરજનો

* તા. ૧૬ થી ૧૮ ફેબ્રુઆરી, ૧૯૯૧ દરમ્યાન આણંદ આર્ટ્સ કૉલેજ ખાતે યોજાયેલા ગુજરાત ઇતિહાસ પરિષદના ૧૬ મા અધિવેશનમાં વંચાયેલો નિબંધ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાયો મૂળ દેરાસરના ઉપરના ભાગમાં બાંધ્યો છે, પરંતુ દેરાસરની બહાર ભીંતનું ચણતર કરીને દેરાસર ન દેખાય એવો પ્રબંધ કર્યો છે.

ગુજરાતમાં ચૌદમી સદીના પ્રથમ દાયકામાં વાઘેલા સત્તાનો અંત આવ્યો અને દિલ્હીની ખલજી સત્તા દૃઢ થઈ. ત્યાર–બાદ આશરે સો વર્ષ દિલ્હીની સત્તા આ વિભાગમાં રહી. એ પછી ગુજરાતના સુલતાનોની સત્તા આ વિસ્તારમાં હતી. આ વર્ષો દરમ્યાન ઈડરની સત્તા વિસનગર સુધી હતી તેથી આ સરહદી વિસ્તારમાં રક્ષણાત્મક પગલાં જરૂરી હોઈને ઊમતાની ગઢી બાંધવામાં આવી આવી અને આવી ગઢીઓ અમદાવાદની ઉત્તરે કાલી ઇંદ્રોડા સાદરા આદિ વિસ્તારોથી ઊમતા અને વડનગર સુધી વિસ્તરતી દેખાય છે. એ સમગ્ર પરિસ્થિતિમાં ઊમતાની આ ગઢી તૈયાર થઈ. એ કોણે બંધાવી એ બાબત પુરાવાને અભાવે નિર્ણય કરવો મુશ્કેલ છે.

આમ ઊમતાનું ધર્મસ્થાન રાજ્યવહીવટનું કેંદ્ર બન્યું. આ કેંદ્રમાં ફેરફારો થતા રહ્યા છે, એમાં સત્તરમી સદીમાં મહત્ત્વના ફેરફારો નોંધાયા છે. એ વખતે જૂના દુર્ગનો વિસ્તાર વધારવા માટે એની ભીંતની બહાર બીજી ભીંત ચણી લઈને એની પર ચૂનાનું અસ્તર લગાવ્યું છે. આ સત્તરમી સદીનો ઊમતાના કિલ્લાની મજબૂતીનો પ્રયાસ તત્કાલીન રાજકીય પરિસ્થિતિને આભારી છે એની ચર્ચા જરૂરી છે.

જેમ ચૌદમી–પંદરમી સદીમાં ઊમતાનો વિસ્તાર હતો તેમ સત્તરમી સદીના ઉત્તરાર્ધની સ્થિતિ પણ કંઈક ડમાડોળ હતી. મેવાડ અને બાબુરી પાદશાહ ઔરંગઝેબના સંબંધો કથળેલા હતા. મેવાડ તરફથી આવી સ્થિતિમાં કંઈક સરહદી ગરબડ થાય તો એ માટેના બંદોબસ્ત માટે સત્તરમી સદીના ઉત્તરાર્ધમાં ઊમતાની કિલ્લેબંધી દૃઢ થઈ ને તત્કાલીન પદ્ધતિ અનુસાર ત્યાં ચૂનાની ફર્શબંધી પણ તૈયાર થઈ. આ રાજકીય પરિસ્થિતિ પછી અઢારમી સદીમાં ઊમતા મરાઠી સત્તા નીચે આવ્યું.

થોડાં વર્ષ આ સત્તાની પાયગા અને સ્થાનિક અધિકારીઓએ અહીંથી શાસન કર્યું. પરંતુ ઓગણીસમી સદીમાં રાજસત્તા પલટાતાં અહીંના સ્થાનનો ઉપયોગ ઘટી ગયો તેથી નવો શૈક્ષણિક ઉપયોગ શરૂ થઈને અહીંની પ્રાથમિક શાળા તરીકે આ સ્થાન વપરાયું. હવે એ ઉપયોગ બંધ થતાં આ સ્થળ ઉજ્જડ પડ્યું છે.

રાજગઢી તરીકે ઊમતાના જૈન દેરાસરનો ઉપયોગ શરૂ થયો તેથી ઊમતાનું કેંદ્ર બદલાયું. આ કેંદ્રની આજુબાજુ ઊમતાનો વિકાસ આજનાં સ્થળ–નામો, અસ્તિત્વ ધરાવતાં મકાનો, મઝાર આદિથી સ્પષ્ટ થાય છે એની કેટલીક ચર્ચાઓ અત્રે રજૂ કરી છે.

રાજગઢીથી ઈશાન ખૂણામાં ગેમનશાપીર હજીરો જેવાં સ્થળો, ઊમતાના ચૌદમી સદીથી અઢારમી સદીમાં રહેલી રાજસત્તા અને તત્કાલીન વસ્તીનાં સ્થળો મેવાડની દિશામાં સૂચક રીતે ઢાલ બનીને ઊભાં છે. આ વિસ્તાર 'કસબા'ને નામે ઓળખાય છે. અહીં મસ્જિદ છે. આ વિસ્તાર ઊમતાના પુરાવસ્તુના અવશેષોની નજીક હોઈ એ નવી વસ્તી સૂચવે છે આ વસ્તીની પાસે હજીરાનો માઢ, નાયકોની મોટી ફળી અને ગંધ્રપ શેરી વિસ્તાર છે. નાયકો અને ગંધ્રપો ભોજકો પોતાની પરંપરા અલાઉદ્દીનથી અર્થાત્ આશરે ચૌદમી સદીથી દર્શાવે છે, એ પરંપરાના લોકોની વસ્તી કસબાની પાસે ચૌદમી સદી પહેલાં વિકસી હોવાનાં કોઈ એંધાણ મળે એમ લાગતું નથી. કુંભારવાસ પાસે આ વસ્તી અટકે છે.

આ રાજગઢીની પશ્ચિમમાં તપાસતાં કંસારાનો માઢ, કોટવાળી ખડકી, મોટો માઢ વગેરે વિસ્તારોની પાસે બળેલો માઢ આદિ વસ્તીની પાછળ કાળુ ગંગારામનો માઢ, ગામીનો માઢ, ઘાંચીનો માઢ અને મોટું મંદિર, ગોવિંદચોક જેવા વિસ્તારો અહીંની હિંદુવસ્તીના સૂચક છે એની સાથે બ્રાહ્મણચકલું,



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બારોટોનો માઢ અને બ્રાહ્મપુરીનો ટીંબો દક્ષિણદિશાની વસ્તી બતાવે છે. એની બહાર રબારીવાસ ઠાકોરવાસ અને ચમારવાસ છે.

રાજગઢીની પશ્ચિમે ઊમતાનું ચૌરાબજાર છે. એ વેપારી કેંદ્ર હોઈ અહીંના ચાલતા વેપારનું સૂચન કરે છે અને એના બીજા છેડા પર ગામનો ચોરો ઊમતાની હાલની ગ્રામપંચાયતનું વહીવટી કેંદ્ર છે. ગામના વહીવટમાં થયેલા ફેરફારોનું આ કેંદ્ર સૂચન કરે છે. એની પાસે મંદિર અને છેલ્લો માઢ વાયવ્યમાં છે, જ્યારે ચૌરાબજાર પાસે મોતી ભગવાનના માઢ પાસેથી નાગજીની લીંબડીના ચોકમાંથી મોઢવા તરફ જવાય છે. 'મોઢવા' શબ્દવિશેષ ચર્ચા માગી લે છે. એનો સામાન્ય અર્થ 'મોઢ લોકોનો વાસ' થાય, પણ એને માટે વધુ તપાસ જરૂરી છે. અહીંથી માતૃકાનાં શિલ્પો મળ્યાં હતાં. આ વાસની દક્ષિણે ઘરચાળો અને ઘાસ ભરવાના વાડા, પાણીનો વહેળો, મગોલું તળાવ આ તરફની ગામની હદ દર્શાવે છે.

ગામના વિકાસમાં વિસનગરથી અંબાજી તરફ જતાં માર્ગે સારો ફેરફાર કર્યો છે. આ રસ્તાને લીધે અહીં એસ.ટી. સ્ટેન્ડ થયેલ છે અને નવો વિકાસ થાય છે. અહીં નવી શાળાઓ વિકસે છે અને જૂની શાળા પણ આ રસ્તાની નજીક છે. આ રસ્તા પર ગામનું મોટું તળાવ છે તે ફૂલિઉં તળાવ માટીની પાળથી બાંધ્યું છે અને ગરનાળામાં ગામમાંથી જૂના પથ્થરના થાંભલા લાવીને ગોઠવ્યા છે, આમ સમગ્ર નજરે વિચાર કરતાં ઊમતાના વિકાસના તબક્કા નીચે પ્રમાણે ગણાવાય :

| | |
|---|---|
| ૧. ક્ષત્રપસમયથી આશરે ચૌદમી સદી | એમલાઈ ટીંબો, તૂંબડિયા ટીંબો અને જૈન-દેરાસરવાળો ભાગ |
| ૨. ચૌદમી સદીથી સત્તરમી–અઢારમી સદી | રાજગઢી, કસબો, ગંધ્રપફળિયું, મસ્જિદ, કબ્રસ્તાન, ચાંદશાપીર, ગામની અન્ય વસ્તી, બજાર વગેરે |
| ૩. ઓગણીસમી સદી | રાજગઢી પર કુમારશાળા |
| ૪. વીસમી સદી | ચોરાની જગ્યા, શાળાઓ અને પૂર્વમાં વિસ-નગર–અંબાજી માર્ગ તરફનો વિકાસ |

**ઉપસંહાર :** આમ ઊમતા ગામે એની લગભગ ક્ષત્રપયુગથી કારકિર્દી શરૂ કરીને આજ દિન સુધીમાં એના અસ્તિત્વની લાંબી ગાથાના અવશેષો સાચવ્યા છે. એમાં ઊમતા એ પોતાનું નામ સાચવતો 'નાના ગામ'નો વિકાસ દર્શાવ્યો છે. મુખ્યત્વે ખેતી પર નિર્ભર ગામની ખેતીપ્રધાન વસ્તી ગામના દક્ષિણ પશ્ચિમ અને પૂર્વ તરફના ભાગમાં વધુ પ્રમાણમાં છે. એમાં પણ દક્ષિણ તથા પશ્ચિમમાં બ્રાહ્મણો એમની બ્રહ્મપુરીથી ઓળખાતા વિસ્તારમાં અને ઠાકોરો તથા રબારીઓ નદીના કાંઠા વિસ્તારમાં રહેતા માલૂમ પડે છે. આમાં એમનો વ્યવસાય પણ કંઈક અંશે કારણભૂત ગણાય. પવિત્રતા અને સ્નાનાદિના આગ્રહવાળા બ્રાહ્મણો, ગાયો પાળનાર રબારીઓનાં ગાયોનાં ચરણોમાં જવાની સગવડ તથા એમની નજીકના ચર્મકારોનાં નિવાસસ્થાનો ધંધાપરત્વે ગોઠવાયાં લાગે છે.

ગામનું શિવાલય આ વિસ્તારમાં, પણ બીજાં દેવસ્થાનો ગામના કેંદ્રમાં રહેલી વસ્તીના ઉપાસનાનાં કેંદ્રો છે. એમાં કુંથુનાથનું દેરાસર મૂળ દિગંબર દેરાસરની પાસે છે, પણ આજે આ ધર્મ-સ્થાનોના ઉપાસકોની સંખ્યા ઘટી ગઈ છે.

ગામની રાજગઢીની નજીક આવેલાં કસબો, મુસલમાન દરગાહો, મસ્જિદોની સાથે નાયકો અને ગંધર્વોનો નિવાસ રાજ્યકર્તાઓની આવશ્યક તેમજ આરામ વખતની સંગીતાદિ પ્રવૃત્તિને પોષક



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્થાને દેખાય છે એ સૂચક હકીકત છે, કારણ કે નાયકો અને ભવાઈના વેશ ભજવનારના આશ્રયદાતાઓ પટેલો એમની પુત્રીના રક્ષણ માટે મૂળ ઔદીચ્ય બ્રાહ્મણોએ પ્રયત્ન કર્યો અને પોતાની જ્ઞાતિના રૂઢિચુસ્તોનો કોપ વહોરી લીધો હતો. આ પરિસ્થિતિમાં એમનો વાસ ઘણાં સ્થળોએ પટેલોની નજીક હોય છે એ નોંધવાની જરૂર છે. માતાની ઉપાસનાની ભીતરમાં નાયકોનું મહત્ત્વનું પ્રદાન રહ્યું છે એ સામાન્ય પરિસ્થિતિ હોવાથી ઊમતાની પરિસ્થિતિ કંઈક જુદી છે, એનું અર્થઘટન રાજ્યાશ્રય હોવાનું લાગે છે.

ચૌદમી સદીમાં ઘણી વ્યવસાયી પ્રવૃત્તિનો કેટલોક રાજ્યાશ્રય તૂટ્યો હતો ત્યારે એમને પ્રજાશ્રય યથાશક્તિ મળ્યો હતો તેથી એમની કલા જીવંત રહી હતી. આવો પ્રજાશ્રય મેળવવા રાજાન્નનો સ્વીકાર નહિ કરવાનાં વિધાનો પણ સમકાલીન પૌરાણિક લખાણોમાં દેખાય છે. જે પલટાયેલી પરિસ્થિતિ દર્શાવે છે તેમાં મોટે ભાગે રાજ્યાશ્રય પર આધાર રાખવાને બદલે પ્રજાશ્રય પર આધાર રાખવાની પ્રક્રિયા બળવાન બની હતી એની નોંધ જરૂરી છે.

સમગ્ર ગામનું વેપારી કેંદ્ર પણ રાજગઢની પાસે હોઈ અહીંની ખેતીપ્રધાન પ્રવૃત્તિની સાથે રાજકીય અને વેપારી પ્રવૃત્તિઓ સંકળાઈને અત્યારની વિચારણા માટે કોયડો ઊભો કરે છે.

આપણે ત્યાં આજકાલ નગર, ગામ, એના ભેદો અને વધતી જતી નાગરિક પ્રવૃત્તિઓ તરફ ઈતિહાસ-લેખકોનું લક્ષ ખેંચાયું છે. એઓ વસ્તીને આધારે અને ધંધાને આધારે આપણા વસવાટોનું વર્ગીકરણ કરતા દેખાય છે. એમનાં વૈચારિક વર્ગીકરણો કેટલાક અધ્યયન માટે યથાસ્થાને દેખાય છે, પરંતુ વ્યવહારમાં એના અનેક ભેદ-પ્રભેદો જોવામાં આવે છે. એમાં મોટી અને મિશ્ર વસ્તીવાળાં આપણાં ગામોમાં 'નગર' ગણાય એવાં તત્ત્વો છે. ઊમતા ગઢીવાળું ગામ છે. આજકાલ ઈતિહાસની ચર્ચામાં વપરાતો 'અર્બન' શબ્દ મૂળ ગઢ કે ગઢીવાળું સ્થાન એ અર્થ સૂચવે છે. એ વ્યાખ્યા પ્રમાણે ઊમતા નગર ગણાય. અહીંના વહીવટી પ્રવૃત્તિઓ, રાજકીય પ્રવૃત્તિઓ, નાયકોના પ્રવૃત્તિઓ આ વિચારને પુષ્ટ કરે છે. અહીંનાં પશુપાલન અને કૃષિઉદ્યોગ આજની વ્યાખ્યાને બાધક નીવડે છે તેથી ઊમતાને આજની વ્યાખ્યાનાં 'નગર' તરીકે ગણતાં યુરોપીય વિચારસરણીથી આપણી વ્યવસ્થા સમજવા પ્રયત્ન કરનાર આપણા ઈતિહાસવિદો, અને સમાજવિદ્યાવિશારદો માટે વ્યાખ્યાના પ્રશ્નો ઊભા થાય છે. જો આપણી પરંપરામાંથી આપણી વ્યવસ્થા સમજવાના પ્રયત્ન થાય તો એવા પ્રશ્નોનું પ્રમાણ ઘટે.

ભારતીય વસવાટનાં વિવિધ નામોમાં કેટલાક લોકોના વસવાટોને પલ્લીય અને બીજા વસવાટોનો ઘરની કે કુટુંબની સંખ્યા પ્રમાણે, રાજ્યવહીવટના દૃષ્ટિએ રાજધાની શાખાનગર તથા રસ્તાઓની સંખ્યાનુસાર નામો આપવાનો પ્રયાસ થાય છે. એમાં નગરો એ પ્રમાણમાં મોટાં અને સ્થિર હોય છે, એવી વિવિધ વિચારણાની સાથે 'દુર્ગ' 'દ્રોણમુખ' આદિ વિશિષ્ટતા સૂચવતાં નામો છે.

આ સમગ્ર ક્ષેત્ર પર નજર કરતાં આપણે ત્યાં માત્ર ખેતીપ્રધાન અને બિનખેતીપ્રધાન જેવાં દ્વંદ્વાત્મક વર્ગીકરણની લોટન અને ખાસ કરીને રોમ તથા કાર્થેજના સંઘર્ષ પછી વિકસેલી પદ્ધતિ અનુસરવાને બદલે ભારતીય જનપદના મિશ્ર વસવાટોની દૃષ્ટિથી એનું અધ્યયન કરવાથી આપણી પરિસ્થિતિ વધુ સારી રીતે સમજાય છે અને ગામનાં પલટાતા સ્વરૂપોનો ખ્યાલ મળે છે.

એ નજરે ઊમતાનો નાના ગામ તરીકે પોતાની કારકિર્દી શરૂ કરીને એની ભૌગોલિક પરિસ્થિતિમાં પલટાતી રાજકીય સીમાઓને લીધે એનું દુર્ગનું સ્થાન પ્રાપ્ત કરનાર દીર્ઘાયુ વસવાટ છે. એમાં ખેતી પશુપાલન તથા અન્ય વ્યવસાયો અને શિક્ષણ જેવા મિશ્ર ઉદ્યોગોથી એનો અતીતનો વારસો સમૃદ્ધ છે એવી પરિસ્થિતિ નજરે પડે છે તેથી એ ગામ અર્થાત્ સામૂહિક વસવાટનું સારું દૃષ્ટાંત પૂરું પાડે છે,



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પરંતુ આ પ્રદેશનાં વડનગર કે વિસનગરના જેવી એની વસ્તી મોટી નથી તેથી માત્ર વસ્તી અને સંખ્યાની નજરે એ નાની સમૃદ્ધ વસાહત છે એનું અર્થઘટન કરતાં એની આધુનિક પરિસ્થિતિમાં ગામની ખેતીપ્રધાન ખાતેદાર વસ્તી અને સાથેના પશુપાલકો, ખેતમજૂરો અને અન્ય વ્યવસાયોની નજરે જોતાં ગામના સ્થાનિક બજારના કેંદ્રની આજુબાજુના માઢ ખેતીના ધંધા સાથે સંકળાયેલા લોકોના છે. એની આજુબાજુ વાઘરીઓ બારોટ કસબાતીઓ નાયકો રબારી હરિજન આદિના વસવાટ છે. નાનાં ગામોનું આ લક્ષણ સૂચક રીતે નાના રાજકીય અને વેપારી કેંદ્રમાં પ્રવર્તતો એક પરિસ્થિતિ દર્શાવે છે તેથી ગામ નગર આદિનાં મિશ્ર લક્ષણો દર્શાવતી આ વસાહત છે.

**આભાર દર્શન :** આ લેખ તૈયાર કરવા માટે વિસનગરથી ઊમતાનો વિસનગર જ્ઞાનસત્ર વખતનો ગુજરાત ઇતિહાસ પરિષદનો પ્રવાસ, ત્યાંના શિક્ષક રામચંદ્ર પટેલનો ઉત્સાહ અને એમણે આપેલી અનેક માહિતી તથા ગુજરાત રાજ્ય પુરાતત્ત્વખાતા તરફથી ઊમતાની મુલાકાત માટેની સગવડો બદલ ગુજરાત રાજ્યના પુરાતત્ત્વખાતાના નિયામક શ્રી મુકુંદ રાવળ અને અન્ય કાર્યકર્તાઓનો તેમજ નાયકો બાબત મહત્ત્વની ચર્ચા અને માર્ગદર્શન માટે શ્રી ગોવિંદ ચંદુલાલ નાયકનો ઋણી છું.

ઠે. ગુજરાત વિદ્યાપીઠ, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૪

---

શુભેચ્છા સહ....

ગુજરાત રાજ્યની ૨૮૮ નાગરિક સહકારી બૅન્કોમાં બૅન્કની
મુખ્ય ઑફિસ તેમજ ૧૯ શાખાઓ મારફત બૅન્કિંગ સેવાઓ
દ્વારા વર્ષો થયાં ગૌરવવંતુ પ્રથમ સ્થાન ધરાવતી આપની જ બૅન્ક

## રાજકોટ નાગરિક સહકારી બૅન્ક, લિ.

(શેડ્યુલ-કોઓપરેટિવ બૅન્ક)

રજિ. ઑફિસ : નાગરિક ભવન નં. ૧, ઢેબરભાઈ રોડ,

પોસ્ટ બૉક્સ નં. ૨૫૩, રાજકોટ-૩૬૦ ૦૦૧

ગ્રામ : નાગરિક બૅન્ક ફોન : ૩૩૯૧૬-૮ (પીબીએક્સ)

**થાપણો : રૂ. ૧ અબજ ૫૬ કરોડ**
**ધિરાણો રૂ. ૧ અબજ ૩૧ કરોડ**

| જિતુભાઈ શાહ | લલિતભાઈ મહેતા | લાલજીભાઈ રાજદેવ |
|---|---|---|
| વાઇસ ચૅરમેન | માનદ મૅનેજિંગ ડિરેક્ટર | ચેરમેન |



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગણેશની ધાતુ–પ્રતિમાઓ

[ભો.જે. વિદ્યાભવનના મ્યુઝિયમના સંગ્રહમાં] ડૉ. વિભૂતિબહેન વિ. ભટ્ટ

આ સંગ્રહમાં ગણેશની પાંચ ધાતુ–પ્રતિમાઓ સંગૃહીત છે, જે પિરાજી સાગરાએ સંસ્થાને ૧૯૭૬–૭૭ માં ભેટ આપેલી છે. આ બધી જ મૂર્તિઓ પરિકરસહિત અને સિંહાસનાધિષ્ઠિત છે. ગણેશની જે વિશિષ્ટતાઓ હોય તે બધી આ મૂર્તિઓમાં મળે છે; જેમકે સૂંઢ મોદક લંબોદર વગેરે; જોકે એમની સૂંઢના વળાંકમાં, પરિકરોના સુશોભનમાં અને સિંહાસનોમાં વિવિધતા અને કદ–આકારમાં ફેરફારો નજરે પડે છે. આ બધી એકસરખી બિબાંઢાળ પ્રકારની ગણેશની પ્રતિમાઓ હોવા છતાં એ સ્વતંત્ર અને ઘરદેરાસરની સેવ્ય પ્રતિમાઓ લાગે છે. આ ધાતુની પ્રતિમાઓ એનાં શરીરોના બાંધા તેમ આકૃતિઓનાં સામાન્ય લક્ષણો પરથી ડૉ. શ્રી શિવરામ મૂર્તિએ ૧૫–૧૬ મી સદીની હોવાનું જણાવ્યું છે. આ સંદર્ભમાં પ્રાક્ચોલ(ઈ. સ. ૧૦૦૦ આશરે)ના સમયની ૪૨ સે. મી. ઊંચી ચાર હાથ–વાળી ગણેશની ઊભી ધાતુ–પ્રતિમાને યાદ કરી શકાય.[૧] એમાં એમની સૂંઢ સીધી છે, પરંતુ છેલ્લે જમણી બાજુએ વાળેલી સૂંઢમાં મોદક ધારણ કરેલો છે, જમણો આગલો હાથ ભગ્ન દંત પકડીને અભય મુદ્રામાં છે, પાછલો જમણો હાથ પરશુ ધારણ કરે છે, ડાબા પાછલા હાથમાં પાશ કે સર્પ અને આગલા ડાબા હાથમાં મોદક (?) છે.

સામાન્ય રીતે પ્રત્યેક શિવમંદિરના ગર્ભગૃહમાં પેસતાં જ દર્શનાર્થીના જમણા હાથે ગણેશ અને ડાબા હાથે હનુમાનની પ્રતિમા પરિકર–દેવ તરીકે પૂજાતી જોવામાં આવે છે. કેટલીક વાર એમનાં સ્વતંત્ર મંદિરો પણ મળે છે. ગણેશનાં સ્વતંત્ર મંદિરો મહારાષ્ટ્રમાં છે, અને ત્યાં સ્વતંત્ર મૂર્તિઓ વધુ પ્રમાણમાં પૂજાતી જોવામાં આવે છે. ઉજ્જૈનમાંની 'બડા ગણેશ'ની પ્રતિમા અત્યંત ભવ્ય અને પ્રસિદ્ધ છે. અમદાવાદના અસારવામાં આવેલી દશભુજ ગણેશની પ્રતિમા અત્યંત વિલક્ષણ પ્રાચીન સુંદર અલંકૃત પ્રસિદ્ધ છે. ડૉ. જે. પી. અમીને શિવપરિવારના પરિચયમાં ગણપતિનો સમાવેશ કરીને એની વિવિધ મૂર્તિઓનું વર્ણન આપણને સુલભ કરી આપ્યું છે.[૨] ગણપતિની વિઘ્નેશ્વર તરીકેની ઉત્પત્તિ અને મુખ્ય કાર્ય વગેરેની વિવિધ કથા લિંગપુરાણ શિવપુરાણ શ્વેતકલ્પ વરાહપુરાણ મત્સ્યપુરાણ સ્કંદપુરાણ સુપ્રભેદાગમ અને ઐતરેય બ્રાહ્મણ(૧/૨૧)માં આવે છે. બ્રહ્મા–બ્રહ્મણસ્પતિ (બૃહસ્પતિ) એને જ ગણપતિ કહ્યા છે. મહાભારતમાં ગણેશજી વ્યાસજીના લહિયા થયા છે. બ્રહ્મવૈવર્તપુરાણમાં કૃષ્ણ જ ગણપતિ. ઐરાવત હાથીનું મસ્તક કૃષ્ણ–બાળક–ના માથાની જગ્યાએ (માથા પર) લાગી ગયું. 'વામનપુરાણ'માં વિનાયક નાયક વિનાના તેથી 'વિનાયક' એવી સમજૂતી આપી છે, વગેરે આ રીતે વિવિધ નામો અને કથા પ્રવર્તે છે. આ જ વિદ્વાને ગણપતિનાં વિવિધ સ્વરૂપો અને લક્ષણોની વિસ્તૃત ચર્ચા કરેલી છે.

ગજાનન ગણપતિનાં વિવિધ નામો આપીને એના પૌરાણિક સંદર્ભ સાથે નામોના અર્થો અને ગણપતિની ઉત્પત્તિની કથાઓ લિંગપુરાણ શિવપુરાણ અને અન્ય પુરાણોને આધારે સ્વ. શ્રી રસિકભાઈ ત્રિપાઠીએ રસપ્રદ રીતે રજૂ કરેલી છે.[૩]

ડૉ. હસમુખભાઈ સાંકળિયાએ ડૉ. નારાયણના મતનો[૪] ઉલ્લેખ કરતાં જણાવ્યું છે કે ગ્રીકોના એક સિક્કા પર ગણેશની મૂર્તિ અંકિત કરવાનો પ્રયત્ન થયો છે. ડૉ. એ. કે. નારાયણે ડેમેટ્રિઅસ(ગ્રીક રાજા)ના તાંબાના સિક્કાની એક બાજુ પર હાથી અથવા હસ્તિમસ્તક હોય છે એમ જણાવ્યું છે.[૫]



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ પરથી ગુપ્તો પહેલાં ગણેશનું સ્વરૂપ પ્રચલિત હતું એમ માની શકાય. ગુપ્તસમયની ગણેશ એક પ્રતિમા શામળાજીમાંથી મળી હોવાનું ડૉ. ઉમાકાંત શાહે નોંધ્યું છે.[6] શિહોરમાંથી મળેલી ગણેશ ૮–૯ મી સદીની એક સ્વતંત્ર સેવ્ય પ્રતિમા પર શ્રી પ્રફુલ્લ રાવળે ધ્યાન દોર્યું છે.[7] બાર-ઓડિયા પ્રાક્-સોલંકીકાલના એક શિવમંદિરનાં ગર્ભગૃહના દક્ષિણ ભદ્રમાં પણ ગણેશની પ્રતિમા પ્રાપ્ત થઈ

આમ ગુજરાતમાં ગણેશની મૂર્તિઓની પ્રાચીનતા ગુપ્તયુગથી પણ જૂની જણાય છે અ ભારતવર્ષમાં, ડૉ. સાંકળિયા કહે છે તેમ, ગ્રીક રાજાઓ જેટલી પ્રાચીન ગણી શકાય.

ભો. જે. વિ.ના સંગ્રહમાંની પાંચે ગણેશ-પ્રતિમાઓ ગણેશના શારીરિક બાંધા, સ્વરૂપો–આકાર સામાન્ય લક્ષણો તથા દેખાવ પરથી ડૉ. સ્વ. શિવરામમૂર્તિએ જ્યારે તા. ૧–૮–૭૮ ના રોજ મ્યુઝિયમ મુલાકાત લીધેલી ત્યારે આ મૂર્તિઓ પૈકી નં. ૧૫૨૧૧ ની ગણેશ-પ્રતિમા ૧૪-૧૫ મી સદીની અ બાકીની ચારેય મૂર્તિઓ ૧૫–૧૬ મી સદીની હોવાનું જણાવ્યું હતું. હવે એ મૂર્તિઓ પૈકી (૧ સા. પરિ. ક્ર. ૧૫૨૧૧ની ગણેશની-ધાતુ પ્રતિમા જોઈએ. ૫×૮.૫×૩.૫ની પ્રતિમામાં ગણેશે પોતાન સૂંઢ ડાબી તરફ પોતાના મુખમાં વાળેલી છે. એઓ લલિતાસનમાં બિરાજે છે. એમના ચતુર્હસ્તો પૈક ઉપલા ડાબા હાથમાં સનાળ કમળકળી, નીચેના ડાબા હાથમાં દંત, ઉપલા જમણા હાથમાં પરશુ અ નીચેના જમણા હાથમાં મોદક છે. સૂંઢમાં મોદક મૂકેલો છે. એમનાં બે નેત્રસ્થાની વચ્ચે તિલક (ત્રીજુ નેત્ર?) શોભે છે. એમના મસ્તક ઉપર પાઘડી-ઘાટનો એમના મસ્તકના પ્રમાણ જેટલો જ મુકુટ શો છે. એ દક્ષિણી કે મરાઠી ઢબનો લાગે છે. હસ્તિકર્ણ, સર્પ, હાથે અને પગે વલય, થોડુંક મોટું ઉદર ખભા પર વનમાળા એ અલ્પલ્પ આભૂષણો દેખા દે છે. એમની જમણી બાજુ નીચે રહેલો ઉંદર ગણેશન વંદના માટે ઊંચે જોતો દેખાય છે. આ મૂર્તિને અનુરૂપ સપ્રમાણ અલંકૃત પરિકર છે. મૂર્તિ સપરિક અને ઘસાયેલી છે.

(૨) નં. ૧૫૨૧૨ ની ૫×૮×૩ સે. મી.ની ગણેશ-પ્રતિમામાં ગણેશે પોતાની સૂંઢ જમણી તર વાળીને પછી પોતાની સૂંઢને મોદકને સ્પર્શાવી દીધી છે. એમના ચાર હાથમાં સનાળ કમળ અને નીચેના ડાબા હાથમાં મોદક છે. એમની ડાબી બાજુ નીચે મૂષક છે અને ગળામાંના સર્પની ફણા અસ્પષ્ટ છે, પરંતુ એમના ગળે હાર અને હિક્કાસૂત્ર શોભે છે તથા એમના પીતાંબરની પાટલીની કરચલી સ્પષ્ટ છે. લલિતાસનમાં બેઠેલા ગણેશનો જમણો પગ નીચે સિંહાસનને ટેકવેલો છે અને એમનો ડાબે પગ વાળીને મૂષક પર ટેકવેલો છે. આ પ્રતિમા ઘસાયેલી હોવાથી આંખ તિલક અને અલંકારો સ્પષ્ટ થતાં નથી, પરંતુ સનાળ કમળ ધારણ કરેલું સ્પષ્ટ છે. દૂંટીનો ખાડો તથા નેત્રોનાં ચિહ્ન સ્પષ્ટ છે અને સિંહાસન નાનું, પરંતુ અલંકૃત છે.

(૩) નં. ૧૫૨૧૩: ધાતુના ગણેશની આ પ્રતિમા ૯ ઊંચાઈ × ૫.૫ પહોળાઈ × ૩.૫ ઊંડાઈ સેં. મી. માપની અલંકૃત પરિકર સાથેની ઊંચા આસન પર આરૂઢ થયેલી છે. એમની ડાબી બાજુએ મૂષક આગલા બે પગથી મસ્તક નમાવીને વંદના કરે છે. એમની સૂંઢ ગળા પરથી ઉદર પર આવીને, ફણા કરેલા સર્પ ઉપર ટેકવીને, ડાબી બાજુએ મોદકને સ્પર્શીને વાળેલી છે. એમના જમણા ઉપલા હાથનું પરશુ સ્પષ્ટ અને પ્રસિદ્ધ ઘાટનું નજરે પડે છે. ઉપલા ડાબા હાથમાં સનાળ કમળકળી, નીચલા ડાબા હાથમાં મોદક પાત્ર અને નીચેના જમણા હાથમાં દંત, પીતાંબરની પાટલી પાદલંબિત અને જમણો પગ નીચે ભૂમિને સ્પર્શતો તથા પોતાનો ડાબો પગ મૂષક પર ટેકવીને વાળીને બેઠેલા ગણેશનો



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાદો નાનો મુકુટ, ઉપર છત્ર-કુંભનો ઘાટ પરિકરમાં બધી મૂર્તિઓમાં જોવા મળે છે. નાનું ઊંચું આસન રેકવીને ગણપતિ બિરાજે છે.

(૪) નં. ૧૫૨૧૪ ; ૬.૪×૪×૨.૫ સેં.મી.ની ધાતુની આ ગણેશ-પ્રતિમાની સૂંઢ ટૂંકી છે અને નાનો પરિકર તથા નાના ઊંચા આસન પર બેઠેલા ગણપતિનું ઉદર ખાસ્સું ધ્યાન ખેંચાય એટલું મોટું છે. બાકીનાં ઉપર પ્રમાણેનાં હસ્તોનાં આયુધો ધારણ કર્યાં છે.

(૫) નં. ૧૫૯૯ : ૧૦×૫.૫+૩.૫ સેં.મી. ની આ સૌથી મોટી ધાતુની ગણેશ-પ્રતિમા આ સંગ્રહની છે. એમાં ઉપર પ્રમાણે જ હસ્તોનાં આયુધો અલંકારો પરિકર વગેરે છે. ઊંચા મોટા સપ્રમાણ આસન પર બિરાજમાન ગણેશનો જમણો પગ છેક નીચે સ્પર્શતો નથી, પરંતુ આસનના ભાગને જ સ્પર્શે છે અને ડાબો પગ અર્ધપર્યંકાસનમાં વાળીને બેઠેલા છે. સિંહાસનની દમ ગોળ વીંટળાયેલા સર્પાસન જેવી લાગે છે (?). મૂષક મત્સ્યાકાર જેવો વિશિષ્ટ છે. પીતાંબરનો પાટલી મોટા કટિસૂત્ર-માંથી નીકળીને આસન સુધી જ છે.

એ નોંધવા જેવું છે કે પ્રાચીન કાલથી અત્યાર સુધી આખી દુનિયાના મોટા ભાગના દેશોમાં ગણપતિની મૂર્તિઓ વિવિધ સ્વરૂપોમાં પ્રાપ્ત થયેલી છે.[૯]

## પાદટીપ

૧. શિવરામમૂર્તિ, 'સાઉથ ઇન્ડિયન બ્રોન્ઝેસ,' પૃ. ૫૯

૨. ડૉ. જે. પી. અમીન, 'ગુજરાતનું શૈવમૂર્તિવિધાન'

૨-અ. ગોપીનાથરાવ, 'એલિમેન્ટ્સ ઑફ હિંદુ આઈકોનોગ્રાફી', ગ્રંથ ૧, ભાગ ૧, પૃ. ૩૫

૨-આ. એજન, પૃ. ૪૮-૬૭; એજન, 'ગ્રંથ ૧, ભાગ ૨, એપેન્ડિક્સ 'સી', પાદટીપ ૧-૧૩

૩. સ્વ. શ્રી રસિકભાઈ ત્રિપાઠી, 'ગજાનન ગણપતિ', "સામીપ્ય", પુ. ૧, અં. ૨, પૃ. ૮૫-૯૦

૪. ડૉ. નારાયણ, 'કેમ્બ્રિજ હિસ્ટરી ઑફ ગુજરાત,' પ્લેઇટ ૬, ૧ વગેરે. 'ઇન્ડોગ્રીક્સ,' પાદટીપ પર

૫. આના સંદર્ભમાં હસ્તિ-મસ્તકવાળો-મસ્તક પરનો રાજમુકુટનો પણ વિચાર કરી શકાય. 'ઇન્ડો-ગ્રીક્સ'માં (પ્લેઈટ ૧, નં. ૫-૬, પ્લેઇટ ૪, નં. ૧, ૮) અને 'કેમ્બ્રિજ હિસ્ટરી ઑફ ગુજરાત'-ની કેટલીક પ્લેઇટો પ્લે. નં-૧, ૧૬, (પ્લેટ ૩, ૨-એ વગેરે) પરથી આપણે એટલું કહી શકીએ કે એ સિક્કાઓ પર બેઠેલા કે ઊભેલા રાજાની સમક્ષ હસ્તિમસ્તક જેવું જણાય છે. ગ્રીક રાજાઓના મસ્તક પર હસ્તિ-મસ્તકની આકૃતિવાળો રાજમુકુટ એમના સિક્કાની એક બાજુએ જોવામાં આવે છે ખરો. ગ્રીક રાજાઓના આ પ્રકારના સિક્કાઓમાં નંદિ કે નંદિનું મસ્તક પણ જોવા મળે છે. એ પરથી આ સમયના શૈવસંપ્રદાયની અસર હોવાનું અનુમાન થઈ શકે એ સ્વાભાવિક છે, પરંતુ એ સમયના સિક્કાઓની એક બાજુએ મળતા હસ્તી કે હસ્તીના મસ્તકની જ આકૃતિ પ્રાપ્ત થઈ શકી છે, પરંતુ મનુષ્યનું ધડ અને એની પર હસ્તીનું મસ્તક સ્પષ્ટપણે જોવું પ્રાપ્ત થઈ શકતું નથી.

૬. સ્વાધ્યાય, પુ. ૧૧, અં. ૧ (૧૯૭૩), પૃ. ૯૬

૭. સ્વાધ્યાય. પુ ૧૭, અં. ૩ (૧૯૮૦), પૃ. ૨૭૮-૨૭૯ અને અંકના પાછલા પૂંઠા પરનું ચિત્ર

૮. એલાર્ઇસ ગેટી, 'ગણેશ, એ મોનોગ્રાફ ઑન ધી એલિફન્ટ-ફેઇસ ગૉડ,' ઑક્સફર્ડ, ૧૯૩૦, પૃ. ૧; 'ધ સ્ટોરી ઑફ ઇન્ડિયન આઇકોનોગ્રાફી, ચાર્ટ ઑફ ગણેશ સ્કલ્પચર્સ'

૯. આ ધાતુ-પ્રતિમાઓની વિગતો પ્રકાશિત કરવા દેવા બદલ ડૉ. પી. સી. પરીખ (અધ્યક્ષ, ભો. જે. વિદ્યાભવન)ની આભારી છું.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મસ્થાનોના જીર્ણોદ્ધાર માટે લોટરી-પદ્ધતિ

(જૂનાગઢ રાજ્યના વિશેષ સંદર્ભમાં-એક અભ્યાસ)

ડૉ. એ. એમ. કિકાણી

જૂનાગઢ અને ગિરનારનું ધાર્મિક દૃષ્ટિએ મહત્ત્વ જૈન હિંદુ ધર્મગ્રંથો તથા આખ્યાયિકાઓમાં વર્ણવવામાં આવ્યું છે. ઈ. સ. ૧૯૪૭ માં સૌરાષ્ટ્રનાં ૨૨૨ દેશી રાજ્યોનું ભારતસંઘમાં વિલિનીકરણ થયું[1] ત્યાંસુધીમાં અનેક રાજવંશોએ જૂનાગઢમાં શાસન કર્યું હતું, જેના સૂર્યોદય અને સૂર્યાસ્ત અડગ અવિચળ ગિરનારે જોયેલ છે. ગિરનાર જૂનાગઢ શહેરની પૂર્વમાં આવેલો છે. આ પર્વત ઉપર હિંદુઓ અને જૈનોનાં પવિત્ર તીર્થસ્થાનો આવેલાં છે[2] તેથી પ્રાચીન સમયથી અનેક યાત્રિકો ગિરનાર ઉપર યાત્રાર્થે જવા માટે આવતા હતા.

ગિરનાર ઉપર જવા માટે પ્રાચીન સમયમાં જુદી જુદી કેડીઓ(રસ્તાઓ)નો ઉપયોગ થતો હતો. આમાં એક રસ્તો જટાશંકરથી ભરતવન શેષાવન થઈ ઉપર જતો હતો. બીજો માળી પરબથી ઉપર તરફ, ત્રીજો વડાલ નામના ગામ તરફથી ઉપર જતો હતો. ગિરનારનું મહત્ત્વ ધાર્મિક દૃષ્ટિબિંદુએ તેમજ ઔષધીય અને વનસ્પતિ તથા પર્યાવરણની દૃષ્ટિએ પણ વિશેષ રહ્યું હતું. ગિરનાર ઉપર જવા માટે સૌ-પ્રથમ સોપાન-માર્ગ બંધાવી યાત્રિકોને સુવિધા કોણે પૂરી પાડી હતી તથા આ માર્ગ ક્યારે બંધાયો હતો એનું આધારભૂત અને વિશ્વસનીય પ્રમાણ ઉપલબ્ધ થતું નથી, પરંતુ ઈ. સ. ૧૧૫૨ માં કુમારપાળે ગિરનાર ઉપર જવા માટે ૬૩ લાખને ખર્ચે સોપાન-માર્ગ બંધાવ્યો હતો.[4]

ત્યારપછી ગુજરાતમાં મુસ્લિમ શાસનકાલ દરમ્યાન ગિરનારના સોપાન-માર્ગની યોગ્ય માવજત કરવા તરફ મુસ્લિમ શાસકોએ પૂરતું ધ્યાન આપ્યું ન હતું તેથી ગિરનારનો યાત્રામાર્ગ જીર્ણ તથા ઉજ્જડ બની ગયો હતો, તેથી ઈ.સ. ૧૬૨૭ માં દીવના શ્રાવક સંઘજી કે દીવના સંઘે ગિરનારનો સોપાન-માર્ગ દુરસ્ત કરાવ્યો હતો. એમણે જૈન ઉપરકોટથી અંબાજીના મંદિર સુધીનાં ૧૭૯૬ અને ગૌમુખી ગંગાથી હનુમાનધારા સુધીનાં ૬૬૮ પગથિયાં બંધાવ્યાં હતાં.[5] આ પગથિયાં ભૂખરા પથ્થરનાં હતાં તેથી ૧૯ મી સદી શરૂ થઈ ત્યાંસુધીમાં એ ઘસાઈ ગયાં હતાં. વળી પગથિયાંની સંખ્યા જોતાં પગથિયાં પ્રમાણમાં ઘણાં ઊંચાં હશે તેથી યાત્રિકોને ઘણી મુશ્કેલી પડતી હતી.

મુઘલ-શાસનના અસ્ત પછી ઈ.સ. ૧૭૪૭ માં જૂનાગઢના મુઘલ ફોજદાર શેરખાન બાબીએ મુઘલોની સત્તા ફગાવી અને પોતાની સ્વતંત્ર સત્તાની સ્થાપના કરી હતી.[6] જૂનાગઢ રાજ્યનો વિસ્તાર ૩૨૮૦ ચોરસ માઈલ હતો.[7] જૂનાગઢ રાજ્યની હદમાં ગિરનાર અને એની ચોમેરની પર્વતમાળાનો પણ સમાવેશ થતો હતો તેથી ગિરનારની જાળવણીની જવાબદારી બાબી શાસકોની હતી.

જૂનાગઢમાં બાબી-શાસનની સ્થાપના થઈ ત્યારથી જૂનાગઢના વહીવટીતંત્ર ઉપર નાગરોનો પ્રભાવ રહ્યો હતો.[8] તદુપરાંત જૂનાગઢ રાજ્યની કુલ વસ્તીમાં ૮૦ ટકા વસ્તી હિંદુઓની હતી[9] તેમજ બાબી શાસકો પણ મોટે ભાગે ધર્મસહિષ્ણુ હતા તેથી એઓએ જૂનાગઢની હિંદુ પ્રજાની ધાર્મિક લાગણી તરફ પૂર્ણ આદરની નીતિ અમલમાં મૂકી હતી.

૧૯ મી સદી દરમ્યાન જૂનાગઢની સીમાઓના વિવાદોમાં હિંદુઓએ જૂનાગઢના નવાબને નાણાકીય મદદ પણ આપી હતી[10] તેથી પણ જૂનાગઢના શાસકોની હિંદુઓ તરફની સહિષ્ણુ-નીતિમાં વિશેષ વધારો થયો હતો અને પરિણામે હિંદુઓનાં દેવસ્થાનો અને તીર્થસ્થાનોના જતન તરફ પૂરતું લક્ષ્ય આપ્યું હતું.

જૂનાગઢના નવાબોની સહિષ્ણુનીતિ, વહીવટીતંત્રમાં હિંદુ-પ્રભુત્વ તથા ૧૯ મી સદીના ઉત્તરાર્ધમાં આવાગમનનાં સાધનોમાં થયેલા સુધારાઓને કારણે ગિરનારની યાત્રાર્થે આવનાર યાત્રિકોની સંખ્યામાં



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વૃદ્ધિ થઈ હતી, પરંતુ આ સમયે ઘસાઈ ગયેલા સોપાન-માર્ગને કારણે પ્રવાસીઓને પારાવાર મુશ્કેલી પડતી હતી તેથી જૂનાગઢના દીવાન હરિદાસ બિહારીદાસ દેસાઈએ રાજ્યના વજીર બહાઉદ્દીનભાઈને ગિરનારના સોપાન-માર્ગના જીર્ણોદ્ધાર માટે ઈ. સ. ૧૮૮૮ માં જણાવ્યું તથા સોપાન-માર્ગની દુરસ્તી માટે એક યોજના તૈયાર કરવામાં આવી.

આ સમયે જૂનાગઢના નવાબ તરીકે નવાબ બહાદુરખાન-૩ જા હતા તેમણે ગિરનારના સોપાન-માર્ગના જીર્ણોદ્ધાર માટે નાણાં એકત્રિત કરવા નાયબ દીવાન પુરુષોત્તમદાસ સુંદરજી ઝાલા અને જૂનાગઢના ચીફ મેડિકલ ઑફિસર ડૉ. ત્રિભુવનદાસ મોતીચંદ શાહને પરવાનગી આપી હતી.[11]

ગિરનારનાં તીર્થસ્થાનો જૂનાગઢ સૌરાષ્ટ્ર ગુજરાત તેમજ ભારતવર્ષભરના લોકોની અનન્યશ્રદ્ધા ભક્તિ અને આસ્થાનાં કેંદ્ર-સમાન હતાં તેથી જૂનાગઢ તથા જૂનાગઢ બહારના પ્રતિષ્ઠિત ગૃહસ્થોની એક સમિતિના નિરીક્ષણ નીચે જ ભંડોળ એકત્રિત કરવાનું તથા એના દ્વારા જ નવો સોપાન-માર્ગ બંધાવવાનું નક્કી કરવામાં આવ્યું તેથી એક સમિતિ રચી અને ભંડોળ એકત્રિત કરવા માટે ૧ ઑક્ટોબર, ૧૮૮૯ ના રોજ "ગિરનાર-લોટરી" બહાર પાડવામાં આવી.[12]

૧. ધર્મસ્થાનના જીર્ણોદ્ધાર માટે લોટરી બહાર પાડવામાં આવી હોય તેવો ભારતવર્ષના ઇતિહાસનો આ પહેલો પ્રસંગ હતો.

૨. ગિરનાર-લોટરીની બીજી વિશેષતા એ હતી કે ગિરનાર પર્વત ઉપર મુસ્લિમો માટેનું એક પણ ધર્મસ્થળ ન હતું તેથી ગિરનારના સોપાન-માર્ગના જીર્ણોદ્ધારમાં મુસ્લિમોને રસ હોઈ શકે નહિ, પરંતુ આ લોટરીના પેટ્રન તરીકે જૂનાગઢ રાજ્યના વજીર બહાઉદ્દીનભાઈ હતા અને લોટરીના પ્રેસિડન્ટ તરીકે રાવબહાદુર બેચરદાસ બિહારીદાસ દેસાઈ હતા.

'ગિરનાર-લોટરી સમિતિ'માં કુલ ૧૭ સભ્યો હતા તેઓમાં ત્રણ મુસ્લિમ, એક પારસી, ચાર નાગર તથા અન્યોમાં બ્રાહ્મણ લોહાણા વાણિયા વગેરે હતા. આ લોટરીની કાર્યવાહી માટે સેક્રેટરી તરીકે છગનલાલ હરિલાલ પંડ્યા તથા "સુબોધપ્રકાશ" માસિકના તંત્રી પુરુષોત્તમદાસ કહાનજી ગાંધી હતા.

ગિરનાર-લોટરીની એક રૂપિયાની કિંમતની કુલ ૪ લાખ ટિકિટ છપાવવામાં આવી હતી અને રૂા. ૧,૫૦,૦૦૦ નાં કુલ ૩૧૨૫ ઈનામો આપવાનું જાહેર કરવામાં આવ્યું હતું તેમાં પ્રથમ ઈનામ રૂા. ૪૦ હજારનું હતું.

લોટરીનો બહોળો પ્રચાર થાય એ માટે દર મહિને રાજ્યના માસિક ગૅઝેટ દસ્તુરલ-અમલ-સરકારમાં નિઃશુલ્ક જાહેરાત આપવામાં આવતી હતી અને ૧૦૦ ટિકિટે ૧૫ ટકા કમિશન લોટરીના એજન્ટને આપવાનું પણ જાહેર કરવામાં આવ્યું હતું. લોટરીની ટિકિટના વેચાણ માટે ભારતવર્ષમાં એજન્સીઓ આપવામાં આવી હતી.

ગિરનાર-લોટરીનો પ્રથમ ડ્રૉ તા. ૧૫-૫-૧૮૯૨ ના રોજ સવારે ૭-૧૦ વાગ્યે ફરાસખાના-(હાલનું નગરપાલિકાનું મકાન)માં દીવાન હરિદાસની હાજરીમાં કરવામાં આવ્યો હતો તેમજ લોટરી સમિતિની નિષ્પક્ષ કાર્યવાહીમાં સમાજને વિશ્વાસ ઉત્પન્ન થાય એ માટે સમાજના વિવિધ વર્ગના પ્રતિનિધિઓને ખાસ નિમંત્રણ આપી હાજર રાખવામાં આવ્યા હતા તેમાં (૧) ગિરનાર-લોટરી સમિતિના ૧૧ સભ્યો, (૨) જૂનાગઢ સરકારના ૪ સભ્યો, (૩) જૂનાગઢ શહેરના ૩ સભ્યો અને (૪) દેશાવરના ૮ સભ્યો, જેમાં પંજાબ કાશી મારવાડ સુરત વડોદરા લીંબડી ભાવનગર વગેરે પ્રદેશોના હતા.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગિરનાર-લોટરીની કુલ ૪ લાખ ટિકિટોમાંથી હિસાબો બંધ કરવામાં આવ્યા ત્યાંસુધીમાં માત્ર ૧,૨૮,૬૬૩ ટિકિટો વેચાઈ હતી તેથી વેચાણના પ્રમાણમાં રૂ. ૪૮,૨૪૮ નાં ઈનામો આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું તથા ૩૧૨૭ ને બદલે ૫૧૦૦ ઈનામો આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું તેથી ઈનામની રકમમાં ઘટાડો કરવામાં આવ્યો હતો.

ગિરનાર-લોટરીનું પહેલું ઇનામ રૂ. ૧૦ હજાર મુંબઈના સવિતા ડાહ્યાભાઈને (ટિકિટ નં. ૭૮૧૮૩), બીજું ઈનામ રૂ. ૨૫૦૦ (બે વ્યક્તિને) પંજાબના અહ્‌લાબક્ષ ખુદાબક્ષ (ટિકિટ નં. ૫૨૮૪૪)ને તથા નવસારીના બળવંતરાય બાલાજી (ટિકિટ નં. ૭૨૬૭૪)ને મળ્યું હતું.[૧૩]

લોટરી સમિતિની ધારણા પ્રમાણે નાણાં-ભંડોળ એકત્રિત થયું ન હતું છતાં પણ ૩૦ ડિસેમ્બર, ૧૮૯૩ ના રોજ બીજો ડ્રૉ થયો ત્યાંસુધીમાં ગિરનારનાં પગથિયાંનું બાંધકામ શરૂ થઈ ગયું હતું.[૧૪] ત્રીજા અને ચોથા ડ્રૉ સુધીમાં રૂ. ૨,૬૪,૩૯૩ ની ટિકિટો વેચાઈ ચૂકી હતી તથા રૂ. ૧,૦૨,૮૯૫ નાં ઈનામો આપવામાં આવ્યાં હતાં.[૧૫] ત્યારપછી છઠ્ઠા અને સાતમા ડ્રૉ સમયે ટિકિટ ખરીદનાર દરેકને ફૅન્સી ભેટ આપવાની જાહેરાત કરવામાં આવી હતી. આ ઉપરથી એવું તારણ નીકળી શકે કે લોટરી પ્રજાને કાં તો આકર્ષી શકી નહોતી અથવા તો ટિકિટનો દર પ્રમાણમાં લોકોને વધુ ઊંચો લાગ્યો હશે, એમ છતાં પણ ઈ. સ. ૧૯૦૫ સુધીમાં પગથિયાં માટે સાડા ત્રણ લાખ રૂપિયા એકત્રિત થઈ ચૂક્યા હતા.

ઉપર્યુક્ત રકમમાંથી સમિતિએ ગિરનારની તળેટીથી અંબાજી સુધીનાં તથા ત્યારબાદ દત્તાત્રેય સુધીનાં એમ મળીને કુલ ૧૨,૦૦૦ પગથિયાં બંધાવ્યાં હતાં.[૧૬]

આ લોટરીમાંથી પ્રાપ્ત થયેલ નજીવી રકમ જોતાં રાજ્ય તરફથી પ્રત્યક્ષ નહિ, પરંતુ પરોક્ષ આર્થિક મદદ 'ગિરનાર-લોટરી સમિતિ'ને મળી હશે એવું જણાય છે.

આ સમયે લોટરી એક નવી બાબત હતી, વળી આવાગમન તથા પ્રચારનાં માધ્યમો ઘણાં મર્યાદિત હતાં તેથી પણ કદાચ સમાજ તરફથી પૂરતો સહકાર નહિ મળ્યો હોય.

આ ઉપરાંત મોટી રકમનાં દાનોની જાહેરાત કરી પછીથી રકમ ન આપીને લોટરી સમિતિને વિચિત્ર સ્થિતિમાં મૂકી દેવાના પ્રસંગો પણ બન્યા હતા.[૧૭] એને કારણે જ જટાશંકરથી ભરતવન તરફના રસ્તે પગથિયાં બાંધવાનું કામ પડતું મૂકવું પડ્યું હતું, જેના ભગ્ન અવશેષો આજે પણ જોવા મળે છે.

છતાં પણ લોટરી સમિતિએ સમગ્ર સમાજના સહકારથી પોતાનું કાર્ય પૂર્ણ કર્યું હતું અને કાળા પથ્થરનો બાંધેલો નવો સોપાન-માર્ગ તૈયાર કર્યો હતો. આ સોપાન-માર્ગના બાંધકામને માત્ર જૂનાગઢની નહિ, પરંતુ ભારતવર્ષની પ્રજાના સહકાર અને જૂનાગઢ રાજ્યની ઉદાર નીતિનું પ્રતીક ગણી શકાય.

ગિરનાર-લોટરી સાથે જૂનાગઢના શાસકો પ્રત્યક્ષ રીતે સંકળાયેલા નહોતા છતાં પણ પરોક્ષ રીતે એઓએ પૂર્ણ સહકાર આપ્યો હતો, પરંતુ જૂનાગઢ રાજ્યના એક બીજા હિંદુ દેવસ્થાનના જીર્ણોદ્ધારમાં જૂનાગઢના શાસકે પ્રત્યક્ષ રસ લીધો હતો. ગિરનાર અને નરસિંહ મહેતાના ચોરાનું જૂનાગઢમાં મહત્ત્વ રહેલું છે. ભક્તકવિ નરસિંહ તરફ ગુજરાતની પ્રજા આદરથી જુએ છે. એવા નરસિંહ મહેતાનો ચોરો જીર્ણ થઈ ગયો હતો તેથી એના જીર્ણોદ્ધાર માટે ગિરનાર-લોટરી બહાર પડી એનાં ૧૫ વર્ષ બાદ ૧



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઑક્ટોબર, ૧૯૦૪ ના રોજ રૂ. ૨ લાખની લૉટરીની ટિકિટ બહાર પાડવામાં આવી હતી. આ લૉટરીનું પહેલું ઈનામ રૂ. ૫,૦૦૦ નું તથા છેલ્લું ઇનામ રૂ. ૨/- હતું. કુલ ૪૭૨૦ ઈનામ જાહેર કરવામાં આવ્યાં હતાં.

આ લૉટરી બહાર પડી એ સમયે જૂનાગઢના વઝીર બહાઉદ્દીનભાઈ તથા નાયબ દીવાન પુરુષોત્તમરાય સું. ઝાલાની સત્તાનો અસ્ત થઈ ગયો હતો તેથી આ લૉટરીની સમિતિમાં એમનાં નામોનો ઉલ્લેખ જોવા મળતો નથી. આ લૉટરીના પેટ્રન તરીકે જૂનાગઢના નવાબ રસૂલખાન પોતે હતા તેથી આ લૉટરીનું મહત્ત્વ વધી જતું હતું, તેથી એમ કહી શકાય કે આ લૉટરીને રાજ્યાશ્રય મળ્યો હતો. જ્યારે ગિરનાર-લૉટરીના પેટ્રન તરીકે જૂનાગઢના વઝીર કે જે નવાબના મામા થતા હતા તેથી પ્રત્યક્ષ સમાન કહી શકાય તેવો પરોક્ષ રાજ્યાશ્રય ગિરનાર-લૉટરીને પણ મળ્યો હશે એવું અનુમાન કરી શકાય.

ઠે. ઇતિહાસભવન. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ-૩૬૦૦૦૫

## પાદટીપ

૧. ડૉ. જાની, એસ. વી., આરઝી હકૂમતનો ઈતિહાસ ૧૯૭૮, અપ્રગટ મહાનિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
૨. દેસાઈ શં. હ. ઈતિહાસ દર્શન-ભા. ૨, ૧૯૭૯, પ્રભાસ પ્રકાશન, જૂનાગઢ: પૃ. ૫૮
૩. સ્ટેટ પબ્લિકેશન, બાબી રૂલર્સ ઑફ સોરઠ, ૧૯૦૩, પૃ. ૧૩૪
૪. દેસાઈ શં. હ., જૂનાગઢ અને ગિરનાર, ૧૯૬૮, પ્રભાસ પ્રકાશન, જૂનાગઢ, પૃ. ૨૯૦
૫. દીવાન રણછોડજી, તારીખ-એ-સોરઠ-વ-હાલાર, અનુ. દેસાઈ, શં. હ. પ્રભાસ, પ્રકાશન જૂનાગઢ, ૧૯૭૮, પૃ. ૬
૬, પંડ્યા કાલિદાસ દે., ગુજરાત રાજસ્થાન અથવા ગુજરાતનાં દેશીરાજ્યો, અમદાવાદ, પૃ. ૩૧૩
૭. કડાકા ધનજી. હ., કાઠિયાવાડ ડિરેક્ટરી, ૧૮૮૬, રાજકોટ, પૃ. ૧૪૮
૮. વૉટ્સન, જે. ડબલ્યુ., સ્ટૅટિસ્ટિકલ એકાઉન્ટ્સ ઑફ જૂનાગઢ સ્ટેટ, ૧૮૮૨, પૃ. ૭
૯. વોરા ગુ. કે., જૂનાગઢનો ઈતિહાસ, ૧૮૯૮, આર્યોદય પ્રેસ, અમદાવાદ
૧૦. હસ્તપ્રત દફતર નં. ૪, પત્ર નં. ૫. હ. ફુ. નં, ૩૨૫૦, ફૈ. નં. ૯૯૧૧, જૂનાગઢ દફતર-ભંડાર.
૧૧. સ્ટેટ પબ્લિકેશન, બાબી રૂલર્સ ઑફ સોરઠ, ૧૯૦૩, પૃ. ૧૩૪
૧૨. 'સેક્રેટરી, ગિરનાર-લૉટરી સમિતિ'-પ્રકાશિત પત્રિકા, ૧ ઑક્ટોબર, ૧૮૮૯
૧૩ 'દસ્તૂરલ-અમલ-સરકાર,' ૨૮ મે, ૧૮૯૩, પૃ. ૧૪૬ થી ૧૪૮
૧૪. 'દસ્તૂરલ-અમલ-સરકાર,' ૯ જાન્યુઆરી, ૧૮૯૪, પૃ. ૫૦ થી ૫૪
૧૫. 'દસ્તૂરલ-અમલ-સરકાર,' ૧૫ સપ્ટેમ્બર, ૧૯૦૧, પૃ. ૧૯
૧૬. દેસાઈ. શં.હ. જૂનાગઢ અને ગિરનાર, પૂર્વોક્ત પુસ્તક, પૃ. ૨૯૧
૧૭. હસ્તપ્રત દફતર-મનાગ્રમ-આંક નં. ૨૦, ૩૧-૩-૧૮૯૩
૧૮. 'દસ્તૂરલ-અમલ-સરકાર,' ૧૧-૧૦-૧૯૦૪, પૃ. ૪૮-૪૯



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રાષ્ટ્રીય દફતરભંડાર : નવી દિલ્હી

શ્રી જિતેંદ્ર વી. શાહ

નવી દિલ્હીમાં જનપથ માર્ગ પરથી પસાર થતાં લાલ રંગના ગ્રેસીન સ્ટાઇલના મકાન તરફ કોઈનું ધ્યાન ન જાય એવું બને નહિ. એ 'ટંકશાળ' 'મ્યુઝિયમ' કે 'જૂના કાગળોનો સંગ્રહ' તરીકે ખ્યાતનામ છે. રાષ્ટ્રિય દફતર–ભંડારની કચેરીમાં ઘણા અગત્યના દસ્તાવેજો સંગૃહીત છે. રૉબર્ટ ક્લાઈવ અને વૉરેન હૅસ્ટિંગ્ઝથી માંડી મહાત્મા ગાંધી અને પંડિત નહેરુ સુધીના દસ્તાવેજો અહીં છે. નવી દિલ્હીના વિખ્યાત બ્રિટિશ આર્કિટેક્ટ એડવિન લુટિન્સ અને હર્બર્ટ બૅકર એમણે દિલ્હીનાં પ્રથમ પાંચ ભવ્ય મકાનો બનાવ્યાં તેમાંનુ એક તે આ 'રાષ્ટ્રિય દફતર–ભંડાર.'

આ કચેરી માર્ચ, ૧૮૯૧ માં કલકત્તામાં 'ઇમ્પીરિયલ રેકર્ડ ડિપાર્ટમેન્ટ' તરીકે શરૂ થઈ ત્યારે માત્ર એક રેકર્ડ–કીપર અને આઠ કારકુન હતા. 'આર્કિવિસ્ટ' એ શું છે એવો પ્રશ્ન ઘણાના મનમાં ઉદ્‌ભવે છે. અમુક લોકો એનો પ્રત્યુત્તર આપે છે કે "એ ડેડ ફાઈલ્સ ક્લાર્ક." ઈ. સ. ૧૮૮૯ માં જી. ડબ્લ્યુ ફોરેસ્ટના સૂચનના આધારે 'ઇસ્ટ ઈન્ડિયા કમ્પ'નીનું તમામ દફતર એક જગ્યાએ સંગૃહીત કરવા માટે આ કચેરીની શરૂઆત કરવામાં આવી હતી.

ઈ.સ. ૧૯૧૧ માં દિલ્હી રાજધાની થઈ. "ભારતીય ઈમ્પીરિયલ રેકર્ડ ડિપાર્ટમેન્ટ"નું નવુ મકાન ઈ.સ. ૧૯૨૬ માં બંધાવાનું શરૂ થયું અને એ પૂર્ણ થયા બાદ ઈ.સ. ૧૯૩૭ માં કલકત્તા ખાતેનું 'ઈસ્ટ ઇન્ડિયા કમ્પની'નું તમામ દફતર દિલ્હી ખાતે બંધાયેલા હાલના મકાનમાં ખસેડવામાં આવ્યું તથા ભારત સ્વતંત્ર થતાં 'ઇમ્પીરિયલ રેકર્ડ ડિપાર્ટમેન્ટ'નું નામ બદલીને એનું નવું નામ 'રાષ્ટ્રિય દફતર–ભંડાર' રાખવામાં આવ્યું. અગાઉ આ દફતર–ભંડારના વડાને 'રેકર્ડ–કીપર' તરીકે ઓળખવામાં આવતા હતા, એના બદલે હવે 'નિયામક' તરીકેનો હોદ્દો આપવામાં આવ્યો.

'રાષ્ટ્રિય દફતર–ભંડાર, નવી દિલ્હી'ના મકાનમાં આશરે વીસ હજાર કરતાં વધારે નકશાઓ અને બત્રીસ લાખ કરતાં વધારે ફાઈલો પચીસ ચો. કિ.મી. જેટલી જગ્યામાં આ દળદાર રેકર્ડ–રૂપે પથરાયેલ છે. આશરે ચાળીસ ચો. કિ.મી. જેટલી જગા હજુ ઉમેરાય એવી શક્યતા છે. ખાસ કરીને આઝાદી પછીના ઐતિહાસિક રેકર્ડને સાચવવા માટે ખાતામાં સૌથી જૂનો દસ્તાવેજ ઈ.સ. છઠ્ઠી સદીનો 'ગિલગીટ હસ્તપ્રત' છે, જે ભૂર્જપત્ર પર બ્રાહ્મી લિપીમાં લખાયેલ છે.

મુઘલ–સમયનાં ઘણાં ફરમાનો (શાહી હુકમો) પણ જોવા મળે છે; જેમકે હુમાયુ અકબર જહાંગીર શાહજહાં ઔરંગઝેબ અને એમની બેગમોના. બહાદુરશાહ ઝફરના કાવ્યસંગ્રહો પણ છે. ઘણાં કાવ્યો એમને બર્મા ખસેડ્યા તે સમયનાં પણ છે.

આ ઉપરાંત આ સંગ્રહમાં ઈન્ડિયા રેકર્ડ ઑફિસ, કૉમનવેલ્થ રિલેશન ઑફિસ રેકર્ડ તેમજ ફ્રાન્સ નેધરલૅન્ડ અને ડેન્માર્કથી પ્રાપ્ત કરેલ દફતર અહીંયાં સચવાયેલ છે. આ ઉપરાંત બ્રિટિશ શાસનકાલ દરમ્યાનનું મુંબઈ પ્રાંત અને મદ્રાસ પ્રાંતનું દફતર પણ અહીંયાં છે. બ્રિટનમાં હિંદ–ને સંબંધિત જે રેકર્ડ હતું તે દફતરમાંથી અગત્યની દફતરીય સામગ્રી માઇક્રો–ફિલ્મ કરાવી 'રાષ્ટ્રિય દફતર–ભંડારે' પ્રાપ્ત કરી. સામાન્ય રીતે દરેક ભારતીય નાગરિક અહીં ત્રીસ વર્ષ જૂનું રેકર્ડ જોઈ શકે છે. રાષ્ટ્રના હિતમાં હોય એવું અમુક રેકર્ડ બતાવવામાં આવતું નથી.

૧૮૫૭ ના વિપ્લવ પૂર્વેનું તેમજ એ પછીના સમયનું પણ ઘણું રેકર્ડ અહીંયાં કેંદ્રીકૃત થયેલું છે. હિંદનાં વિવિધ દેશી રાજ્યોનું રેકર્ડ પણ અહીંયાં સંગૃહીત થયેલું જોવા મળે છે. માઈક્રો–ફિલ્મ



For Private and Personal Use Only

નો સંગ્રહ પણ ઘણો છે. રાષ્ટ્રિય દફતર-ભંડારે ઘણી માઇક્રો-ફિલ્મ બ્રિટન ફ્રાન્સ ડેન્માર્ક નોર્વે અમેરિકા અને અન્ય દેશોમાંથી અનેક વાર વિના મૂલ્યે કે વિનિમયના ધોરણે પ્રાપ્ત કરેલ છે. ટીપુ સુલતાનના નેપોલિયન સાથેના પત્રવ્યવહારની અને ઈ.સ. ૧૮૫૭ વખતે નાના સાહેબ અને નેપોલિયન ત્રીજા વચ્ચે થયેલા પત્રવ્યવહારની પણ માઈક્રો-ફિલ્મ છે.

'રાષ્ટ્રિય દફતર-ભંડાર, નવી દિલ્હી'નો ઉપયોગ થઈ શકે અને મૂળ દફતર વ્યવસ્થિત રીતે સચવાઈ રહે એ માટે (૧) ગાઈડ, (૨) ઇન્વેન્ટ્રી, (૩) રજિસ્ટર, (૪) ઈન્ડેક્સ અને (૫) કેટલોગ પ્રકારનાં દફતરોના ઉપયોગ માટેનાં સંદર્ભ-સાધનો તૈયાર કર્યાં છે.

'રાષ્ટ્રિય દફતર ભંડાર'માં ખાનગી વ્યક્તિઓને સંબંધિત પણ ઘણું રેકર્ડ પ્રાપ્ત કરવામાં આવેલ, જેમાં મહાત્મા ગાંધીજી, ડૉ. રાજેન્દ્રપ્રસાદ, સરદાર વલ્લભભાઈ પટેલ, જવાહરલાલ નહેરુ, ગોપાલકૃષ્ણ ગોખલે, મૌલાના અબુલ કલામ આઝાદ, સરોજિની નાયડુ વગેરેનો સમાવેશ થાય છે. તા. ૧૫-૮-૧૯૪૭ ના રોજ નવી દિલ્હીના લાલ કિલ્લા પરથી ફરકાવેલ ત્રિરંગી ધ્વજ અને એ મંગળ પ્રસંગે વપરાયેલ બ્યૂગલ પણ અહીંયાં રાખવામાં આવેલ છે.

કચેરીની લાઇબ્રેરીમાં બે લાખ જેટલાં દળદાર પુસ્તકો છે, જેમાં અલભ્ય પુસ્તકોથી લઈ ૧૮ મી સદીનાં જૂનાં પુસ્તકો પણ આવી જાય છે. દર વર્ષે ભારત તથા વિદેશમાંથી હજારો ઈતિહાસ-લેખકો સંશોધકો અહીં મુલાકાતે આવે છે.

દફતર-ભંડારો આજે લોકપ્રિય સર્વવ્યાપક અને બિન-સાંપ્રદાયિક હોવાથી ધીમે ધીમે દેવમંદિરોનું સ્થાન લઈ રહ્યા છે. દફતર-ભંડારો રાષ્ટ્રને પરાપૂર્વથી મળેલો અમૂલ્ય વારસો છે. દફતર-ભંડારના વિભાગોનું દર્શન મુગ્ધ કરે છે. દફતર ભંડાર નાનો હોય કે મોટો, ત્યાં એવી કોઈ ને કોઈ સામગ્રી તો હોવાની જ કે જેમાં કોઈ અને કોઈને તો રસ પડવાનો જ .

આપણે પ્રથમ વાર દફતર-ભંડારમાં પગ મૂકીએ ત્યારે એક અજાયબ ઘરમાં ફસાયા હોઈએ એવો આભાસ થાય એ વાજબી છે. આર્કિવિસ્ટો આ વિમાસણ પારખી શક્યા છે, દફતર-ભંડારમાં પ્રથમ પ્રવેશ આવકારદાયક હોવો જોઈએ, એમ ન બને તો પ્રથમ ગ્રાસે મક્ષિકા.

'રાષ્ટ્રિય દફતરભંડાર'માં સચવાયેલ રેકર્ડના આધારે વિવિધ પ્રકાશનો પણ પ્રસિદ્ધ કરવામાં આવેલાં છે, જેમાં નોંધપાત્ર ગણાવી શકાય તેવાં 'ઈન્ડિયન સિરીઝ' 'ઇન્ડિયન રેકર્ડ્ઝ સિરીઝ' 'ફોર્ટ વિલિયમ ઇન્ડિયા હાઉસ કોરસપોન્ડન્સ સિલેક્શન ફોરમ ઇંગ્લિશ' 'રેકર્ડ્ઝ ઈન ઓરિયેન્ટ લેન્ગ્વેજ-આઠ વૉલ્યૂમો' 'બંગાળ જનરલ લેટર્સ' 'મિન્ટો-એન્ટિક-ઑકલેન્ડ-હાર્ડિંગ્ઝ-ડેલહાઉસી-કેનિંગ ઑફ ઈન્ડિયન સ્ટેટ્સ પેપર્સ' 'હેન્ડબુક ટુ ધ રેકોર્ડ્ઝ ઑફ ધ ગવર્મેન્ટ ઑફ ઇન્ડિયા (૧૭૪૮-૧૮૫૯) તેમજ દર છ માસે 'ધી ઈન્ડિયન આર્કાઈવ્ઝ' નામનું સામયિક પણ પ્રસિદ્ધ કરે છે (ગુજરાત રાજ્ય દફતરભંડાર ખાતું પણ દર છ માસે 'રાજ દફતર' નામનું સામયિક પ્રસિદ્ધ કરે છે.)

'રાષ્ટ્રિય દફતરભંડાર'માં દફતરોની સાચવણી વૈજ્ઞાનિક રીતે થાય છે, જેને ભારતમાં સૌથી શ્રેષ્ઠ રીત ગણાવી શકાય એમ છે. અહીંયાં 'પ્રિઝર્વેશન સેક્શન' 'રિપેર ઍન્ડ બાઈન્ડિંગ સેક્શન' 'રિપ્રોગ્રાફી યુનિટ' 'રેકર્ડ મૅનેજમેન્ટ સેક્શન' 'પ્રકાશન વિભાગ, લાઇબ્રેરી, વહીવટી વિભાગ અને તાલીમ વિભાગ વગેરેનો સમાવેશ થાય છે. 'રાષ્ટ્રિય દફતરભંડાર' એ ભારત તેમજ સમગ્ર એશિયામાં દફતરવિદ્યા-ક્ષેત્રે પદ્ધતિસરની વૈજ્ઞાનિક તાલીમ આપતું કેન્દ્ર છે એટલે રાજ્યોના દફતરભંડારના અધિકારીઓ કર્મચારીઓને માટે લાંબા ગાળાના અને ટૂંકાગાળાના વિવિધ વર્ગો ચલાવવામાં મદદરૂપ થાય છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સામાન્ય પ્રજા આ કચેરીપ્રવૃત્તિ વિશે વખતોવખત ભરાતાં પ્રદર્શનો દ્વારા જાણે છે. આમાં મહાત્મા ગાંધીજી, જવાહરલાલ નહેરુ; સરદાર વલ્લભભાઈ પટેલ, સરોજિની નાયડુ, મૌલાના અબુલ કલમ આઝાદ, અમીર ખુશરુ અને અનેક સ્વાતંત્ર્ય સેનાનીઓ તેમજ દફતરભંડાર અને જુવાનો, દફતરભંડાર અને બાળકો, ભારતમાં શિક્ષણનો વિકાસ, ભારતમાં સામાજિક પરિવર્તનો, ભારત અને રાષ્ટ્રસમૂહ જેવા વિષયો પર ભારતમાં તેમજ ભારતની બહાર દસ્તાવેજો પુસ્તકો વગેરેનું પ્રદર્શન અવારનવાર યોજાતું હોય છે, છેલ્લે રશિયા ખાતે ભારતીય મહોત્સવમાં પણ પ્રદર્શન થયેલ.

આર્કાઈવલ એક્ઝિબિશન એ બારી જેવું છે, જેના દ્વારા કોઈ પણ વ્યક્તિ રેકર્ડનાં કથ્થા તથા પ્રવૃત્તિઓ વિશે માહિતગાર થાય છે તેમજ એને ઊડતી નજરે ખાતાની વિવિધ પ્રવૃત્તિઓ સર્વિસિંગ ઓફ રેકર્ડ્ઝ, રેકર્ડ હોલ્ડિંગ્ઝ, ટેકનિક ઓફ કન્ઝર્વેશન અને પ્રિઝર્વેશન ઓફ રેકર્ડ વિશે પણ જાણવા મળે છે.

દફતરો ડોક્યુમેન્ટ્સના ફોર્મ્સમાં પણ હોય. (ઓરિજિનલ/ફોટોકોપીઝ) સમકાલીન સ્કેચ ફોટો આર્ટ્સ અને કાર્ટૂન, અપ્રાપ્ય પુસ્તકો અને અન્ય સાહિત્ય, ન્યૂઝપેપર કટીંગ્ઝ, ધ્વનિમુદ્રિત કરેલ વક્તવ્યો અને અન્ય રસપ્રદ સામગ્રી આ દફતરો વિવિધ વિભાગોમાં ગોઠવી શકાય તે ક્રમાનુસાર પ્રસંગવાર તેમજ વિચારસરણી અનુસાર પણ હોઈ શકે. દસ્તાવેજોને પ્રદર્શનમાં રજૂ કરતી વખતે એ ખ્યાલ રાખવો જોઇએ કે એ આકર્ષક શો-કેસમાં ગોઠવાય કે જેમાં એની સાઇઝને અનુરૂપ બેક-ગ્રાઉન્ડમાં વિવિધ રંગનો પણ ઉપયોગ થયો હોય.

પ્રદર્શનની સફળતા માટે એક અગત્યનું પરિબળ એ એની જાહેરાત છે, જે બ્રોચર્સ પોસ્ટર્સ, હોર્ડિંગ્ઝ બેનર્સ, નિમંત્રણ-પત્રિકા અને અખબારી યાદી દ્વારા દર્શાવી શકાય છે, આ દ્વારા પ્રજા સમક્ષ પહોંચી શકાય છે, કારણ કે શબ્દો કરતાં પણ આ સર્વેની અસર વધારે થતી હોય છે. અખબારો ટીવી અને રેડિયોમાં થતી જાહેરાતની અસર પ્રજામાનસ પર ખૂબ થતી હોય છે. શાળા કોલેજમાં નિમંત્રણ આપવાથી વિદ્યાર્થીઓ અને જુવાનો પણ દફતરભંડારના વધારે નજીક આવી શકશે.

દિલ્હીમાં 'નૅશનલ મ્યુઝિયમ'માં 'નૅશનલ મ્યુઝિયમ ઑફ નૅચરલ હિસ્ટરી' જેવી અમુક સંસ્થાઓએ નવો પ્રોજેક્ટ શરૂ કર્યો છે, જે. મુજબ વિવિધ વિભાગોનું ફરતું પ્રદર્શન યોજે છે. આ જ રીતે લોકોમાં દફતરો પ્રત્યે સભાનતા લાવવા અને જાગૃતિ વધારવા દફતરોનું ફરતું પ્રદર્શન રજૂ કરવું જોઈએ.

પ્રદર્શનમાં દફતરો રજૂ કરવામાં આવે ત્યારે એને જરા પણ નુકસાન ન થવું જોઇએ. દફતરીય સામગ્રી રજૂ કરતી વખતે પ્રકાશ અગ્નિ કે વિઘાતક તત્ત્વોથી જરાપણ નુકસાન ન થાય એની ખાસ કાળજી રાખવી જોઈએ.

'દફતરભંડાર સપ્તાહ'ની ઉજવણી વખતે ફિલ્મ-શો, બ્રોચરનું પ્રકાશન તથા ઓપન હાઉસનું આયોજન કરવામાં આવે છે. શાળા અને કોલેજના વિદ્યાર્થીઓ આ સપ્તાહ દરમ્યાન યોજાતા પ્રદર્શનની મુલાકાત લે છે, જેથી દસ્તાવેજોની વિવિધ જાણકારી મળી શકે. 'નૅશનલ આર્કાઈવ્ઝ'નાં મહત્ત્વને વધારે જાણવું જોઇએ અને એનો મહત્તમ ઉપયોગ કરવો જોઇએ.

'રાષ્ટ્રિય દફતરભંડાર' દ્વારા આપવામાં આવતી સેવાઓમાં મુખ્યત્વે (૧) ભારતમાં ક્યાંય પણ આર્કાઈવ્ઝ સેલ શરૂ કરવુ હોય તો એ માર્ગદર્શન આપે છે. (૨) વિવિધ તાલીમ-અભ્યાસોનું આયોજન કરે છે. (૩) દફતરોનું સંરક્ષણ કરવા વિવિધ સંસ્થાઓને માર્ગદર્શન આપે છે. (૪) દસ્તાવેજો, બહુમૂલ્ય હસ્તપ્રતો, અભિલેખોનું સમારકામ પણ યોગ્ય કિંમતે 'રાષ્ટ્રિય દફતરભંડાર' દ્વારા કરવામાં આવે છે. (૫) ટિસ્યુપેપર, સેલ્યુલોજ એસિટેટ પેપર જેવી વસ્તુ પણ આ સંસ્થા દ્વારા મેળવી શકાય છે.

[અનુ. પા. ૪ નીચે]



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફિનિક્સ પક્ષીના આલેખનની નીચે વીંટામાં લૅટિન ભાષામાં PRORSUM— — —SUM એવું લખાણ છે. 13 અક્ષર ધરાવતા આ લખાણમાંથી નં. 8, 9 અને 10ના અક્ષરો ખંડિત છે. ખંડિત શબ્દ SURSUM હોવો જોઈએ. ભાવનગરમાં રિચર્ડ પ્રૉક્ટર સિમ્સની સ્મૃતિમાં બાંધેલા ફુવારામાં પણ આ બંને લૅટિન શબ્દો જોવા મળે છે.[3] આ ઉપરાંત ફિનિક્સ પક્ષીનું આલેખન તથા PRSના સંયુક્તાક્ષરો પણ આ ફુવારા પર જોવા મળે છે. PRORSUMનો અર્થ આગળ[4] અને SURSUMનો અર્થ ઊંચે, ઉપરની દિશામાં[5] એમ થાય છે, આથી એનો ભાવાર્થ 'ઊંચે તરફ' અર્થાત્ 'સ્વર્ગ તરફ' એમ થાય. મૃત્યુ પામનારે સ્વર્ગ તરફ ગમન કર્યું છે એવો અર્થ આ શબ્દો સૂચવે છે.

ભાવનગર રાજ્યમાં છપ્પનિયા દુકાળ દરમ્યાન પ્રજાહિતના કાર્ય કરનાર આ એક અંગ્રેજ ઇજનેરની કબર હાલ કોઈ પણ રક્ષણ વિના ખુલ્લા મેદાનમાં છે. કબર પર શેડ બાંધીને એને નાશ પામતી બચાવી લેવી એ ઇચ્છનીય છે.

## પાદટીપ

૧. આ કબર અને એની પરના લેખની વિગતો ક્ષેત્રીય સંશોધન દ્વારા એકત્ર કરી છે.

૨. ડિસ્ટ્રિક્ટ ગૅઝેટિયર, અમરેલી (1972), પૃ. 627 ઉપર આ લેખનો પાઠ આપવામાં આવ્યો છે.

૩. થૉમસ પરમાર, 'ભાવનગરમાં રિચર્ડ પ્રૉક્ટર સિક્સનો ફુવારો અને તેમના શિખાલેખ', 'પથિક' જાન્યુ. 1987, પૃ. 21–23

૪–૫ સાવટન ટી. ચાવિસ, 'એ લૅટિન ડિક્શનેરી ફૉર સ્કૂલ્સ, ઑક્સફર્ડ, પૃ. 828, 1048

ઠે. 23, મહાવીરનગર, વસ્ત્રાપુર, અમદાવાદ 380015

## ગ્રાહકોને વિનંતી

માર્ચ, ૧૯૯૨માં ૧૦૦ જેટલા વાર્ષિક સભ્યોને લવાજમની યાદ આપવા પત્રો લખાયેલા છે. હજી જેઓ લવાજમ ન મોકલી શક્યા હોય તેઓને તેમજ માર્ચમાં લવાજમ પૂરાં થતાં હોય તેમને પણ હાર્દિક વિનંતી કે લવાજમ સત્વર મોકલી અમારા કામને સરળ કરવા સહાયક બને. કમ્પોઝ-છપાઈ અને કાગળના ભાવ ખૂબ વધ્યા છે છતાં ટ્રસ્ટીઓએ નિર્ણય કર્યો છે કે 'પથિક' મેળવવાનું સૌને સરળ બને માટે લવાજમ ન વધારવું.

૧૯૯૧-૯૨ના વર્ષમાં વાર્ષિક લવાજમ, જાહેર ખબરો અને અનામત રકમના વ્યાજમાંથી ખર્ચ સરભર થયો છે અને અમને વિશ્વાસ છે કે ગ્રાહકો વાર્ષિક લવાજમ મોકલવામાં સતર્ક રહેશે.

—તંત્રી

મુદ્રક પ્રકાશક અને તંત્રી : 'પથિક કાર્યાલય' માટે પ્રો. કેશવરામ કા. શાસ્ત્રી, ઠે. મધુવન, એલિસબ્રિજ, અમદાવાદ–૩૮૦ ૦૦૬ તા. ૧૫–૪–૧૯૯૨
મુદ્રણસ્થાન : પ્રેરણા મુદ્રણાલય, રુસ્તમઅલીનો ઢાળ, મિરજાપુર, અમદાવાદ–૩૮૦ ૦૦૧
પૂંઠું : ઈન્ટરનેશનલ પ્રિન્ટિંગ વર્ક્સ, શાહપુર, માળીવાડાની પોળ સામે, અમદાવાદ–૩૮૦ ૦૦૧

For Private and Personal Use Only